सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૪ | ૦૯ | ૨૦૧૬ |
| નોંધ્યા તારીખ | ૧૪ | ૦૯ | ૨૦૧૬ |
| ફેંસલ તારીખ | ૨૦ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૯ | ૦૭ | ૦૬ |

**મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં**

**ગાંધીધામ–કચ્છ.**

**સેશન્સ કેસ નં.૩૩/૨૦૧૬**

**આંક :**

ફરિયાદી : – **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

આરોપી : – **૧. લાભુ ભીખુભાઈ દેવીપુજક**

ઉ.વ.૨૫, ધંધો: મજુરી,

મુળ ગામ. વરાણા, તા.સમી,

જી.પાટણ.

હાલે. મધુબન ટોકીઝની સામે ઝુપડા,

ગાંધીધામ.

**૨. બચુ કારાભાઈ દેવીપુજક**

ઉ.વ.૩૦, ધંધો: મજુરી,

મુળ રહે. રાધનપુર દેવળીચાવાસ,

જી.પાટણ.

હાલ રહે. બ્રહમસમાજ સ્કુલ પાસે,

જી.આઈ.ડી.સી. ઝુપડા, ગાંધીધામ.

---

**ગુનો :– ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ...**

---

ફરિયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી

આરોપીઓ તર્ફે વિધ્વાન વકીલ શ્રી ડી.જે.જોબનપુત્રા, વિ.વ.શ્રી એસ.ઓ.ચૌધરી

---

**–: ઠ રા વ :–**

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત.**

ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીબેનના જેઠ રાજુ દેવીપુજકે આરોપીઓને ફરીયાદીબેનના વાસણો તથા ટી.વી. વેચી નાખેલ હોય, જે પરત લેવા ફરીયાદી તથા તેના પતિ જતા આરોપીઓએ ફરીયાદીના વાસણો તથા ટી.વી. પરત નહીં આપી અને ત્યારબાદ આરોપીઓએ તા.૧૩–૫–૧૬ ના રોજ કલાક ૨૦.૦૦ વાગ્યા દરમ્યાન ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની લોખંડના પાઈપ તથા લોખંડના કોશ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી , ફરીયાદીના રહેણાંક ઝુપડા ઉપર હુલ્લડ કરીને ફરીયાદીના પતિ શ્રવણને માથામાં મરણતોલ પાઈપ

તથા લોખંડની કોશથી ઘા મારી તેનું મૃત્યુ નિપજે તેવી ઘાતક ઈજા કરી તેનું મૃત્યુ નીપજાવી, ખુન કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, શ્રી જીલ્લા મેજી.સાહેબ ભુજ–કચ્છના હથીયારબંધી જાહેરનામનો ભંગ કરી ગુનો કરેલ. જે સંબંધે આ કામના ફરિયાદીએ આરોપીઓ વિરૂધ્ધ ગાંધીધામ ''બી'' ડીવી.પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯૯/૧૬ થી ફરિયાદ નોંધાવેલી.

(૨) **તપાસ અન્વેષણ તથા ચાર્જશીટ.**

ફરિયાદની અન્વેષણની કાર્યવાહી દરમ્યાન તપાસ કરનારશ્રી ધ્વારા મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામું, બનાવવાળી જગ્યાનું પંચનામું, ડીસ્કવરી પંચનામું, આરોપીનું અટક રીકવરી પંચનામું, ઓળખ પરેડનું પંચનામું, મરણજનાર તથા આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું કરવામાં આવેલ, મરણજનારની પી.એમ. નોટ કબજે લેવામાં આવેલ અને ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ, અને પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો અને યોગ્ય પુરાવો હોય, તપાસ કરનાર અમલદારશ્રીએ વિ. એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ગાંધીધામ ખાતે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. આરોપીઓને સમન્સ બજતા તેઓ વિ. એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીધામ કોર્ટમાં હાજર થતા આરોપીઓને પોલીસ તપાસના કાગળો મળ્યા અંગેની ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૭ મુજબ ખાત્રી કરવામાં આવેલી, વિનામૂલ્યે પોલીસ તપાસના કાગળો આપવામાં આવેલ. ત્યારબાદ,

આરોપીઓને પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવાનું જણાવતા હોય, તેમજ આ કેસ ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોય, સદર કેસ ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ–૨૦૯ અંગે કમિટલનો હુકમ કરી વિ. એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રી ગાંધીધામ નાઓએ અત્રેની અદાલતમાં મોકલી આપેલ.

(૩) **તહોમત તથા પ્લી.**

આરોપીઓને પોલીસ તપાસના કાગળો અને નકલો મળ્યા અંગેની ખાત્રી કર્યા બાદ, મારી અગાઉના વિધ્વાન સેશન્સ જજ સાહેબશ્રીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૨૭(૧) અન્વયે આંક–૯ થી તહોમતનામું ઘડી આરોપીઓને વાંચી સંભળાવ્યા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૨૮(૨) મુજબ આંક–૧૦ અને ૧૧ થી આરોપીઓનું નિવેદન નોંધતા આરોપીઓએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૪) **ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા.**

ફરિયાદપક્ષ તર્ફે આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૭ | પંચ સાહેદ ઓસમાણ વલીમામદ સોઢાની જુબાની |
| ૨ | ૩૩ | પંચ સાહેદ અનવર અબ્દુલ ચાવડાની જુબાની |
| ૩ | ૩૪ | પંચ સાહેદ સતીષ પરસોતમ ભાનુશાળીની જુબાની |
| ૪ | ૩૬ | પંચ સાહેદ પેરાજ પ્રધાન ભાનુશાળીની જુબાની |

| | | |
|---|---|---|
| ૫ | ૩૭ | પંચ સાહેદ હાજી ઓસમાણ કોરેજાની જુબાની |
| ૬ | ૩૯ | પંચ સાહેદ કમલેશ બુધારામ મહેશ્વરીની જુબાની |
| ૭ | ૪૩ | પંચ સાહેદ સીધીક જાકુબ કોરેજાની જુબાની |
| ૮ | ૪૭ | પંચ સાહેદ ઈબ્રાહીમ હાજી સુલેમાનની જુબાની |
| ૯ | ૪૯ | પંચ સાહેદ ફીરોજ હુસેન મમણની જુબાની |
| ૧૦ | ૫૦ | પંચ સાહેદ દિપક બાબુભાઈ કોલીની જુબાની |
| ૧૧ | ૫૪ | પંચ સાહેદ નીલેશ મફતલાલ પટેલની જુબાની |
| ૧૨ | ૫૫ | ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજકની જુબાની |
| ૧૩ | ૯૯ | સાહેદ અગો સુરજભાઈ દેવીપુજકની જુબાની |
| ૧૪ | ૧૧૦ | સાહેદ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજકની જુબાની |
| ૧૫ | ૧૧૩ | સાહેદ પ્રવિણાબેન ફલજીભાઈ ચૌધરીની જુબાની |
| ૧૬ | ૧૧૫ | સાહેદ ડો. અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સીન્હાની જુબાની |
| ૧૭ | ૧૨૬ | સાહેદ મનીષભાઈ સોમાભાઈ જોષીની જુબાની |
| ૧૮ | ૧૩૧ | સાહેદ સતીષભાઈ હરીભાઈ અભાણીની જુબાની |
| ૧૯ | ૧૩૫ | સાહેદ દિપકભાઈ પુરાભાઈ સંજોટની જુબાની |
| ૨૦ | ૧૩૯ | સાહેદ પુષ્પરાજસિંહ જયેન્દ્રસિંહ ગોહીલની જુબાની |
| ૨૧ | ૧૪૩ | સાહેદ ચંદુભાઈ ખેતશીભાઈ પરમારની જુબાની |
| ૨૨ | ૧૫૫ | સાહેદ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજકની જુબાની |
| ૨૩ | ૧૫૬ | ત.ક.અ. સામતભાઈ મુરુભાઈ વાળોતરીયાની જુબાની |
| ૨૪ | ૧૭૮ | ત.ક.અ. વિરાજસિંહ જનકસિંહ જાડેજાની જુબાની |

## –:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૨ | ૨૯ | મુદામાલ કાપલી (લાહીવાળી માટી) |
| ૩ | ૩૦ | મુદામાલ કાપલી (કંટ્રોલ માટી) |
| ૪ | ૩૧ | મુદામાલ કાપલી (કંતાન ધુણી) |

| | | |
|---|---|---|
| ૫ | ૩૨ | મુદામાલ કાપલી (પ્લાસ્ટીકની તાલપત્રી) |
| ૬ | ૩૫ | મરણજનાર અને આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું |
| ૭ | ૩૮ | ડીસ્કવરી પંચનામું |
| ૮ | ૪૦ | આરોપીઓનું અટક રીવકરી પંચનામું |
| ૯ | ૪૧ | મુદામાલ કાપલી (આરોપી નં.૧ ના કપડા) |
| ૧૦ | ૪૨ | મુદામાલ કાપલી (આરોપી નં.૨ ના કપડા) |
| ૧૧ | ૪૪ | મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| ૧૨ | ૪૫ | મુદામાલ કાપલી (મરણજનારના કપડા) |
| ૧૩ | ૪૮ | આરોપીઓનું ઓળખ પરેડનું પંચનામું |
| ૧૪ | ૫૧ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૧૫ | ૫૬ | ફરીયાદ |
| ૧૬ | ૧૧૪ | હથીયારબંધી જાહેરનામું |
| ૧૭ | ૧૧૬ | મરણજનારની પી.એમ.રીપોર્ટ |
| ૧૮ | ૧૧૭ | મૃત્યુ પ્રમાણપત્ર |
| ૧૯ | ૧૧૮ | મરણજનારની લાશનું પેનલ પી.એમ. કરી, કોઝ ઓફ ડેથ સર્ટીફીકેટ તેમજ પી.એમ.નોટ આપવા તથા મરણજનારનું બ્લડ સેમ્પલ તથા કપડા મેળવવા અંગેની યાદી |
| ૨૦ | ૧૧૯ | મરણજનારનું ફોર્મ–બી |
| ૨૧ | ૧૨૦ | આરોપીઓની શારીરીક તપાસણી કરી બ્લડ સેમ્પલ લેવા અંગેની યાદી |
| ૨૨ | ૧૨૧ | આરોપીઓના ફોર્મ–બી |
| ૨૩ | ૧૨૭ | સ્થાનિક જગ્યાનો નકશો બનાવવા અંગેની યાદી |
| ૨૪ | ૧૨૮ | સ્થાનીક જગ્યાનો નકશો |
| ૨૫ | ૧૩૨ | આરોપીઓની ઓળખ પરેડ અંગે થયેલ પંચનામા સાથે |

| | | |
|---|---|---|
| | | મોકલાવેલ પત્ર |
| ૨૬ | ૧૩૬ | મુદામાલ પહોંચ |
| ૨૭ | ૧૪૪ | સ્ટે.ડાયરીનો ઉતારો |
| ૨૮ | ૧૫૭ | સ્ટે.ડાયરીમાં આરોપીની અટકની નોંધ કરવાની યાદી |
| ૨૯ | ૧૫૮ | વસ્ત્રાપુર પો.સ્ટે. અમદાવાદ દવારા આપવામાં આવેલ સ્ટે.ડાયરીમાં નોંધ કરવા બાબતની યાદી |
| ૩૦ | ૧૫૯ | હરેશ ઉર્ફે દીલુ વીરજી દેવીપુજકનો અસલ એરેસ્ટ મેમો |
| ૩૧ | ૧૬૦ | વસ્ત્રાપુર પો.સ્ટે.ના પી.એસ.ઓશ્રીએ ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રીને નાશતા ફરતા આરોપીઓ મળી આવ્યેથી કાયદેસરની કાર્યવાહી કરવા કરેલ યાદી |
| ૩૨ | ૧૬૧ | ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. હે.કો. ઈકબાલ અબ્દુલ્લા આરબને સી.આર.પી.સી. કલમ–૪૧(૧)(એ) મુજબ આરોપી તથા સંલગ્ન કાગળો સોંપવા કરેલ યાદી |
| ૩૩ | ૧૬૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૩૪ | ૧૬૩ | ગુનો રજી. કરવા અંગેની યાદી |
| ૩૫ | ૧૬૪ | ગુનાની તપાસ સોંપ્યા અંગેની યાદી |
| ૩૬ | ૧૬૫ | મરણોતર ફોર્મની ઓફીસ કોપી |
| ૩૭ | ૧૬૬ | એકઝી.મેજી.શ્રી ગાંધીધામને ઈન્કવેસ્ટ ભરવા કરેલ યાદી |
| ૩૮ | ૧૬૭ | એકઝી.મેજી.શ્રી ગાંધીધામને આરોપીઓની ઓળખ પરેડ કરવા કરેલ યાદી |
| ૩૯ | ૧૬૮ | જીલ્લા બહાર તપાસમાં જવા પોલીસ અધિક્ષકશ્રી, પુર્વ–કચ્છ ગાંધીધામને લખેલ પત્રની નકલ |

| | | |
|---|---|---|
| ૪૦ | ૧૬૯ | પોલીસ અધિક્ષકશ્રી, પુર્વ–કચ્છ ગાંધીધામ નાઓએ તપાસમાં જવાની મંજુરી આપતો ફેકસ મેસેજ |
| ૪૧ | ૧૭૦ | મુદામાલ રવાનગી પત્રક તથા સતા અંગેનું પ્રમાણપત્ર |
| ૪૨ | ૧૭૧ | મુદામાલ પરીક્ષણ અહેવાલ |
| ૪૩ | ૧૭૯ | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| ૪૪ | ૧૮૦ | વધુ તપાસ કરવા માટેનો રીપોર્ટ |

ફરિયાદપક્ષ તર્ફે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે વિ. એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ કલોઝિંગ પુરસીસ રજૂ કરી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાની જાહેર કરવામાં આવેલ.

**(૪.૧) કોર્ટ તર્ફે તપાસવામાં આવેલ સાહેદોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા.**

આરોપી તરફે આંક–૧૯૨ થી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૧ અન્વયે ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. હે.કો. ઈકબાલ અબ્દુલ્લા આરબ નાઓને સાહેદ તરીકે તપાસવા સમન્સ ઈસ્યુ કરવા અરજી આપેલ હતી. જે સબંધે બન્ને પક્ષકારોને સાંભળી આરોપી તરફેની આંક–૧૯૨ ની અરજી નામંજુર કરતો હુકમ કરવામાં આવેલ હતો. જે હુકમ સામે આરોપીઓ દવારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં ક્રિમીનલ રીવીઝન અરજી નં.૧૭૪૭/૨૪ થી દાખલ કરતા, નામ.ગુજરાત હાઈકોર્ટ દવારા તા.૧૧–૧૨–૨૪ ના હુકમ અનુસંધાને સાહેદ ઈકબાલ અબ્દુલ્લા આરબને સાહેદ તરીકે તપાસવા માટે હુકમ કરવામાં આવેલ હતો. ત્યારબાદ આરોપી તરફે આંક–૨૦૯ થી નામ.ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ પ્રોસીકયુશન સાહેદ તરીકે તપાસવા અરજી આપવામાં આવેલ હતી, જે અરજી લગત બન્ને પક્ષકારોને

સાભંળી સાહેદ ઈકબાલ અબ્દુલ્લા આરબને કોર્ટ સાહેદ તરીકે તપાસવાનો તથા બન્ને પક્ષકારોને ઉલટતપાસ કરવાની તક આપતો હુકમ મેરીટ ઉપર તા.૧૨–૨–૨૫ ના રોજ કરવામાં આવેલ અને ત્યારબાદ સાહેદ ઈકબાલ અબ્દુલ્લા આરબની કોર્ટ સાહેદ તરીકે આંક–૨૧૨ થી સોગંદ ઉપરની જુબાની થયેલ છે.

**કોર્ટ તરફે તપાસવામાં આવેલ સાહેદનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો:–**

**–:: <u>મૌખિક પુરાવો</u> ::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૧૨ | સાહેદ ઈકબાલભાઈ અબ્દુલ્લાભાઈ આરબની જુબાની |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૨૧૩ | સ્ટે.ડાયરી નં.૧૬ નો ઉતારો |

(૫) **આરોપીઓનું વધારાનું નિવેદન.**

ફરિયાદપક્ષ તર્ફે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ થયા બાદ સરકાર તર્ફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ, આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં તેઓએ મુખ્યત્વે પોતાની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ અને વધુમાં જણાવેલ કે, તેઓને સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી

અને વિશેષમાં જણાવેલ કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ કોઈ ગુનો કરેલ નથી, જેથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

## (૬) સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રીની દલીલો.

સરકાર તર્ફે વિધ્વાન એ.પી.પી. સુ.શ્રી કું.એચ.પી. ગઢવી નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, તહોમતનામું બન્ને આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૨,૧૪૩,૧૪૭,૧ ૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું છે. એફ.આઈ.આર. આંક–૫૬ થી રજુ છે. ફરીયાદની હકીકત જોઈએ તો, બનાવના દીવસે રાત્રીના ૮ વાગે મરનાર તેના પત્ની ગીતાબેન, મોટાભાઈનો દીકરો અગો, ભોંદો અને ચુંગી બધા ખીચડી જમતા હતા તે વખતે હાલના આરોપીઓ તથા બીજા ચાર–પાંચ આરોપીઓએ ફરીયાદીના પતિ શ્રવણ ઉપર લોખંડની ટામીથી હુમલો કરેલ અને રાડા–રાડ થતા બાજુની ઝુપડામાંથી સુરજ તથા ભાભી ભુલી આવેલા અને આ આરોપીઓને ત્યાંથી ભાગતા જોયેલા. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મરણજનાર શ્રવણની પત્ની ગીતા (ફરીયાદી), દીકરો ભોંદો, દીકરો અગો અને દીકીર ચુંગી બનાવ નજરે જોનાર સાહેદો છે. બનાવ બનેલો ત્યારે આ ચાર જણાએ રાડારાડ કરેલ જેથી બાજુમાં રહેતા સુરજ/મરણજનારના ભાઈ તથા ભુલીબેન આરોપીઓને દોડતા જોયેલ. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એવીડન્સ એકટની કલમ–૬ નવા કાયદાની કલમ–૪ મુજબ રેસગેસ્ટે કહેવાશે. જેથી સુરજભાઈ તથા ભુલીબેન પણ આ કલમ મુજબ નજરે જોનાર સાહેદ ગણાશે.

(૬.૧) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ નં.૧૨ તરીકે ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજકને આંક–૫૫ થી તપાસેલા છે. બનાવનો સમય, સ્થળ અને તારીખ મહત્વની છે. બનાવની તા.૧૩–૫–૧૬ સાંજના ૮.૦૦ વાગ્યાનો છે. સ્થળ મનાલી ટાવરની બાજુમાં ઓસ્લો સર્કલ પાસે ઝુપડપટી આવેલ છે ત્યાં બનેલ છે. ઝુપડા હોય તેથી કોઈ મકાનના નંબર ન હોય. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સ્થાનીક જગ્યાનું પંચનામું મહત્વનું છે. બનાવવાળી જગ્યાએથી જે વસ્તુ કબજે થયેલ છે તે મહત્વની છે. બનાવ વખતે સાહેદો જમતા હતા અને ખીચડી ખાતા હતા. સાહેદોની હાજરી નેચરલ કન્ડકટ ગણાય. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એફ.આઈ.આર. રાત્રીના ૧૨ વાગે થયેલ છે, બનાવ ૧૩ તારીખનો છે. પહેલા નેચરલ કોર્ષમાં કોઈપણ વ્યકિત સારવાર માટે જશે જેથી આ ફરીયાદ ચાર કલાક ફરીયાદ મોડી આપેલ છે, તે ફરીયાદમાં ડીલે ન ગણાય. ફરીયાદી ગીતાબેન દેવીપુજક આંક–૫૫ ની પોતાની જુબાનીથી બનાવને સમર્થન આપે છે.

(૬.૨) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મરણજનારનું મૃત્યુ હોમીસાઈડલ હતું કે કેમ? તે બાબતે, આંક–૧૧૫ થી ડો. અરવિંદકુમાર સિન્હાની સાહેદ નં.૧૬ તરીકે સોગદ ઉપર જુબાની થયેલ છે. આંક–૧૧૬ થી પી.એમ.નોટ રજુ છે. આંક–૫૧ થી ઈન્કવેસ્ટ પંચનામું રજુ છે. આંક–૧૧૭ થી કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ રજુ છે. મરણજનાર અને આરોપીનું બ્લડ સેમ્પલનું ફોર્મ–બી અનુક્રમે આંક–૧૧૯ અને ૧૨૦ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ડોકટરશ્રીએ જુબાનીમાં જણાવેલ છે કે,

મરણજનારને માથાના ભાગે ઈજા થયેલ જેના કારણે મૃત્યુ થયેલ છે. મુદામાલ લોખંડની કોશ તથા પાઈપ ડોકટરશ્રીએ મરણજનારને થયેલ ઈજાઓ સંભવી શકે તેમ હોવાનું જણાવેલ છે. ડોકટરશ્રીની જુબાની મુજબ તેઓનો અભિપ્રાય રેલેવન્ટ છે. હાલના મરણજનારનું મૃત્યુ હોમીસાઈડલ હોવાનું પુરવાર થાય છે.

(૬.૩) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીને સમર્થન કરતા સાહેદ નં.૧૩ અગો સુરજ દેવીપુજકને આંક-૯૯ થી તપાસેલા છે. જેની ઉંમર બનાવ વખતે ૧૨ વર્ષની હતી અને જુબાની વખતે ૧૬ વર્ષની હતી. પોલીસ સમક્ષના નીવેદનમાં તથા કોર્ટ રુબરુની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ ખીચડી ખાતા હતા ત્યારે બનાવ બનેલ છે. પોલીસ સમક્ષના નીવેદનમાં તથા કોર્ટ રુબરુની જુબાનીમાં આરોપીઓના નામ જણાવેલ છે. સદર સાહેદ બાળક છે, નેચરલ વીટનેસ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, રાત્રીના આઠ વાગ્યાની આજુબાજુનો સમય હતો, જમવાનું ટાણું હતું જેથી સમય સ્પષ્ટ જ હોય. જમતા હતા એટલે અજવાળુ હશે જ અંધારામાં ન જ જમતા હોય. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સ્થાનિક જગ્યાના પંચનામામાં સ્પષ્ટ આવે છે કે, ઝુપડાની આગળની લાઈનમાં સ્ટ્રીટ લાઈટ આવેલ છે. બનાવની રાત્રે સ્ટ્રીટ લાઈટ બંધ હતી તેવો કોઈ પુરાવો નથી, જેથી આ વ્યકિતઓને જ ભાગતા જોયેલા છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ અગાની જુબાનીમાં ગીતાબેન, ભોંદો, ચુંગી હાજર હતા તેમ જણાવે છે. સુરજભાઈ તથા ભુલીબેન આવી ગયેલાને પણ સમર્થન આપેલ છે. બાળક હતો એટલે એવું ન કહેવાય

કે સમજણ બુધ્ધિ ધરાવતા ન હતા. બનાવના આગેવાન લાભુ અને ભીખુ હતા તેવું પણ જણાવેલ છે. આ બન્ને આગળ હતા તથા તેના પિતાને મારેલ છે તેમ જણાવે છે. બીજા બન્ને સાહેદો ભોંદો અને ચુંગી અનુક્રમે પ અને ૭ વર્ષના હોય ડ્રોપ કરેલ છે.

(૬.૪) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ નં.૨૨ આંક–૧૫૫ થી સુરજ ધીરુભાઈ દેવીપુજકને તપાસેલા છે. જે મરણજનારના મોટા ભાઈ છે. તેઓ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ''બનાવના દીવસે તેમનો ભાઈ શ્રવણના ઘરેથી લાભુ તથા બચુ તથા અન્ય ગામડીયાઓ ટીવી., વાસણો વગેરે લઈ ગયેલા. તેમના ભાઈ શ્રવણને સામાન લઈ ગયેલા છે, તેવી વાત રાજુના કહેવાથી જાણવા મળેલી. ત્યારબાદ તેમનો ભાઈ શ્રવણ તથા તેની પત્ની લાભુ તથા બચુના ઘરે ગયેલા. ત્યાંથી તેઓ તેમના ઘરે આવેલા. શ્રવણે તેમને જણાવેલુ કે '' હુ આ લોકોને પૈસા આપતો હતો તેમ છતા આ લોકોએ મારો સામાન પાછો આપેલો નથી.'' ત્યારબાદ રાત્રીના પોણા આઠ વાગ્યાના સુમારે તેઓ ચા લેવા માટે ગયેલા તે વખતે તેમના છાપરાની બાજુમાં આવેલ તેમના ભાઈ શ્રવણના છાપરામાં દેકારો થતા તેમની પત્ની ભુલીબેન ત્યાં ગયેલી અને તેઓ પણ ત્યાં ગયેલા. તે વખતે આ લાભુએ તથા બચુએ તેમના ભાઈ શ્રવણને માર મારેલો તે વખતે તેઓએ લાભુના હાથમાં પાઈપ જોયેલી તથા ભચુના હાથમાં કોશ હતી. '' સદર સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી તથા હથીયારો કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ નં.૧૪ આંક–૧૧૦ થી ભુલીબેન સુરજ દેવીપુજકને તપાસેલા છે. સદર સાહેદ સુરજભાઈના

પત્ની છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સ્થળ, સમય તથા કઈ તારીખે બનાવ બનેલ તે કોર્ટ સમક્ષની જુબાનીમાં સમર્થન પુરુ પાડેલ છે.

(૬.૫) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સ્થાનીક જગ્યાનો નકશો બનાવનાર સાહેદની જુબાની સાહેદ નં.૧૭ તરીકે આંક–૧૨૬ થી થયેલ છે. સ્થાનિક જગ્યાનો નકશો આંક–૧૨૮ થી રજુ છે. બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૨૦ થી રજુ છે જે જોતા, ''હાલનો બનાવ મનાલી ટાવર પાસે આવેલ ઝુપડપટીમાં બનેલ છે.'' કાપડની બેગી બનાવવાળી જગ્યાએ કબજે કરેલ છે, જેના ઉપર પણ બ્લડ સ્ટેઈન હતા. સદર પંચનામામાના પાના નં.૪ ના પેરા–૪ માં બનાવની ચતુર્દીશા જોતા વીસેક ફુટ દુર ઈલેકટ્રીક થાંભલા જોવા મળેલ છે, જેથી પુરવાર થાય છે કે ત્યાં લાઈટ હતી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ નં.૨૩ આંક–૧૫૬ થી તપાસ કરનાર અમલદાર સામત મરુભાઈ વાળોતરીયાને તપાસેલા છે. સદર સાહેદે આખા ગુનાની તપાસ કરેલ છે. બનાવવાળી જગ્યા પુરવાર થયેલ છે. બે સાહેદો નજરે જોનાર છે, બાકી બે સાહેદો રેસગેસ્ટે મુજબ નજરે જોનાર સાહેદ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આ બન્ને આરોપીની અટક તથા રીકવરી પંચનામું આંક–૪૦ થી રજુ છે. મરણજનારના કપડા કબજે કર્યાનું પંચનામું આંક–૪૪ થી રજુ છે. બનાવ બનેલ ત્યારે તપાસ કરનાર અમલદારે આઈ.ડી. પરેડનું પંચનામું કરેલ જે આંક–૪૮ થી રજુ છે, તેમાં એકઝી.મેજી. રુબરુ આરોપીઓને ઓળખી બતાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદ નં.૧૮ તરીકે આંક–૧૩૧ થી

એકઝી.મેજી.શ્રી સતીષભાઈને તપાસેલા છે. સદર સાહેદ આઈ.ડી. પરેડનું પંચનામું કરનાર છે. ગીતાબેને આરોપીઓને ઓળખી બતાવેલાનું તેમની જુબાનીથી પણ પુરવાર થાય છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ડીસ્કવરી પંચનામું આંક–૩૮ થી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એવીડન્સ એકટની કલમ–૨૭ તથા ભારતીય સાક્ષ્ય સંહિતાની કલમ–૨૨ જોવામાં આવે તો જેટલો પાર્ટ આરોપીએ પોલીસને રીવીલ કરેલ હોય અને પોલીસને મળી આવેલ હોય તો તેટલો પાર્ટ એડમીટેડ ફેકટ ગણાય.

(૬.૬) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એફ.એસ.એલ. નો સીરોલોજી વિભાગનો અહેવાલ આંક–૧૭૧ થી રજુ છે. તેમાં ''ઈ'' કોલમમાં બ્લડ ગ્રુપ મરણજનારનું ''એ'' દર્શાવેલ છે. નમુનાની માટી–એ તથા કન્ટ્રોલ સેમ્પલ–એ/૨ અને એ/૩ તાલપત્રી ત્રણેય ઉપર બ્લડ ગ્રુપ ''એ'' હતું જે પણ મરજણનારનું હતું. બી/૧/૨ થી આરોપી લાભુનું પેન્ટ છે તે પેન્ટ ઉપર પણ બ્લડ ''એ'' ગ્રુપનું મળેલ છે. નમુના સી–૧, સી–૨ મરણજનારના કપડા રજુ છે તેમાં પણ બ્લડ ગ્રુપ ''એ'' મળેલ છે. નમુના ઈ–૧,ઈ–૨ આરોપીના બ્લડ સેમ્પલ છે જેનું ગ્રુપ ''બી'' છે. આરોપી તરફે કોઈ ડીફેન્સ નથી કે લોહી કયાંથી આવ્યું, કલમ–૩૧૩ ના નીવેદનમાં પણ જણાવતા નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, એવીડન્સ એકટની કલમ–૧૦૬ મુજબ મરણજનારનું ખુન કયાંથી આવ્યું તેનો કોઈ ખુલાસો નથી. ફરીયાદી, નજરે જોનાર સાહેદ તથા અન્ય બે સાહેદો તથા એફ.એસ.એલ. નો ફાઈનલ રીપોર્ટ ઉપરથી એ સાબીત થાય છે કે, મરણજનારનું મૃત્યુ આરોપીઓએ જ નીપજાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે,

બાળકની જુબાની નહીં માનવા કોઈ કારણ નથી, તેની સામે તેના પિતા ઉપર હુમલો થયેલ છે. આમ, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલો છે. જેથી આરોપીઓની ગુનાના કામે સં ડોવણી જણાઈ આવતી હોય આરોપીઓને ખુનના ગુનામાં તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા અરજ ગુજારેલ છે.

(૭) **આરોપીઓ તર્ફે વિ.વ.શ્રીની દલીલ.**

આરોપીઓ તરફે વિધ્વાન વકીલ શ્રી ડી.જે.જોબનપુત્રા નાઓએ દલીલો કરતા જણાવેલ કે, આરોપીઓ વિરુધ્ધ આંક–૯ થી ચાર્જફ્રેમ થયેલ છે. આરોપીઓ સામે ગેરકાયદેસર મંડળીનો આરોપ છે. ફકત બે આરોપીઓ કોર્ટ રુબરુ છે. ફરીયાદમાં આરોપીઓનું નામ નથી. ફરીયાદમાં જેણે ઈજા કરેલ છે તેનું નામ જુદું છે. તપાસ દરમ્યાન હાલના આરોપીઓ તથા અન્ય કુલ સાત જણા હતા, જેમાંથી બે સામે ચાર્જશીટ થયેલ છે. જયારે બાકીના પાંચ આરોપીઓ કોલમ નં.૧૨ (૧) માં દર્શાવેલા છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, નટીયા મુલસીંગ કોલમ નં. (xiii) માં નોંધ કરેલ છે કે, ''આરોપી વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે.'' કોલમ નં.૧૨(૩) પેટા કોલમ (xiii) માં દીલુ વીરજી નોંધ કરેલ છે કે, ''આરોપી વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે.'' કોલમ નં.૧૨(૪) પેટા કોલમ (xiii) માં બગી છગનની નોંધ કરેલ છે કે, ''આરોપી વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે.'' કોલમ નં.૧૨(૫) પેટા કલમ (xiii) માં લાભુ લાલજીની નોંધ કરેલ છે કે, ''આરોપી વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે.'' ફકત બે આરોપીઓ કોર્ટ સમક્ષ છે.

આરોપીઓ સામે ગેરકાયદેસર મંડળી રચવાનો ચાર્જ છે અને તે મુજબ ટ્રાયલ ચાલેલ છે.

(૭.૧) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, પ્રથમદર્શનીય રીતે ઈ.પી.કો. કલમ–૧૪૯ મુજબ ચાર્જ જોતા, નામ. હાઈકોર્ટ તથા નામ. સુપ્રીમ કોર્ટના ઘણાબધા જજમેન્ટો છે તેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે, જયારે સાત આરોપીઓ પૈકી બે આરોપીઓ પકડાયા હોય અને તેઓ સામે ગેરકાયદેસર મંડળીનો આક્ષેપ હોય ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૯ મુજબ સદર આરોપીઓને નિર્દોષ ઠરાવેલા છે. કારણકે, તેઓ ગેરકાયદેસર મંડળીના સભ્યો નથી.

(૭.૨) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક–૨૧૨ થી ઈકબાલ અબ્દુલ્લા આરબની જુબાની કોર્ટ સાહેદ તરીકે થયેલ છે. આંક–૨૧૩ થી સ્ટે. ડાયરી રજુ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨૩ તરીકે તપાસ કરનાર અમલદાર સામતભાઈ મુરુભાઈ વાળોતરીયાને આંક–૧૫૬ થી તપાસેલા છે. સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.પી.ગઢવી નાઓએ કોર્ટ તરફે તપાસવામાં આવેલ ઈકબાલ અબ્દુલા આરબ આંક–૨૧૨ ની ઉલટતપાસ કરેલ છે. જેમાં સાહેદે સ્વીકારેલ છે કે, આરોપી પકડાયેલ છે અને પો.સ્ટે.માં રજુ થયેલ છે. વધુમાં સ્વીકારેલ છે કે, તપાસ કરનાર અધિકારીએ આ આરોપી સંદર્ભે શું કાર્યવાહી કરેલ તેની તેમને ખબર નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીએ કોલમ નં.૧૨(૩) પેટા કલમ (xiii) માં નોંધેલ છે કે, ''આરોપી સામે પુરાવો એકત્ર કરવાનો બાકી છે'' તેમ જણાવેલ છે. હવે આરોપી તરફેની આંક–૨૧૨ ના સાહેદની ઉલટતપાસ ઉપર

ધ્યાન દોરી દલીલ કરતા જણાવેલ છે કે, સદર સાહેદે ઉલટતપાસ દરમ્યાન આંક–૨૧૩ થી સ્ટે.ડાયરીની નકલ રજુ કરેલી છે.

(૭.૩) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આરોપીનું નામ એફ.આઈ.આર.માં છે તેમ છતાં કસ્ટડીમાં લીધા પણ કોર્ટ રુબરુ રજુ કરેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદારશ્રીએ નોંધ કરેલ છે કે, સદર આરોપી સામે પુરાવો એકત્ર કરવાનો બાકી છે. આજે પણ બે આરોપીઓ છે, અને આ બે આરોપીઓ સામે કોર્ટમાં ટ્રાયલ ચાલેલો છે. ઈ.પી.કો. કલમ–૧૪૯ પુરવાર થતી નથી ત્યારે તમામ આરોપીઓને તેનો લાભ મળવાપાત્ર છે. કલમ–૧૪૯ માં જોઈન્ટલી શબ્દ છે,ઈન્ડીવીજયુઅલી નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ગેરકાયદેસર મંડળી પુરવાર ન થાય તો કોઈપણ સભ્યને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ગેરકાયદેસર મંડળીની જરૂરીયાત મુજબના કોઈપણ આરોપી કોર્ટ સામે રજુ નથી કે કોર્ટ પાસે આવેલ નથી. ધારણાને આધારે આરોપીઓ સામે કેસ ચાલશે નહી.

(૭.૪) વધુમાં આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ આંક–૨૧૩ થી રજુ થયેલ સ્ટે.ડાયરી વાંચી રજુઆત કરતા જણાવેલ છે કે, ફરીયાદમાં જે આરોપીઓ દર્શાવેલ છે તેમની વિરુધ્ધ કોઈ પુરાવો તા.૯–૮–૧૬ સુધી ફરીયાદના આધારે પણ મળેલ ન હોઈ, જેથી તેમને અટક કરેલા નહી અને મુકત કરી દીધેલ. ફરીયાદીને આ લોકોની ખોટી સંડોવણી કરવા માટે શું કારણ? શું ઉદેશ્ય હતો? તે આ ઉપરથી જાહેર થાય છે. ખોટી સંડોવણી હતી તે નિર્વિવાદ પણે સાબીત થાય છે અને નકારી શકાય તેમ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સ્ટે.

ડાયરીની નોંધ તા.૯–૮–૧૬ ના રોજની છે અને ચાર્જશીટ પણ તા.૯–૮–૧૬ ના રોજની છે. આરોપી દીલુ ઉર્ફે હરેશ વીરજી જેનું નામ એફ.આઈ.આર. માં હતું તેને વસ્ત્રાપુરથી લઈ આવ્યા. ચાર્જશીટમાં પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ પુરાવો નથી અને તપાસ ચાલુ રાખેલ છે. બનાવ સને–૨૦૧૬ નો છે અને હાલ–૨૦૨૫ ચાલે છે. નવ વર્ષનો લાંબો ગાળો વિત્યા છતા તપાસ કરનાર અમલદાર કોલમ નં.૧૨ માં દર્શાવેલ આરોપીઓ સામે પુરાવો એકત્ર કરી શકેલ નથી. કોલમ નં.૧૨ માં જણાવેલ આરોપીઓની ગેરહાજરીમાં હાલના બન્ને આરોપીઓને ઈ.પી.કો. કલમ–૧૪૯ ના ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૭.૫) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદાર પોતાની તપાસ દરમ્યાન તટસ્થ રહયા નથી. તપાસ બાબતે કેટલીક હકીકતો છુપાવેલી છે અને બીજા આરોપીઓને અટક કરેલા નથી અને આમ કરી તટસ્થ તપાસ કરેલી નથી અને ચોખ્ખા હાથે કોર્ટ રુબરુ આવેલા નથી.

(૭.૬) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આ સ્ટે.ડાયરીના આધારે કોલમ નં.૧૨ માં રીમાર્કસ કરેલ છે. તપાસ કરનાર અમલદાર કેસ ડાયરીથી વાકેફ હતા તેમ છતાં, ગેરકાયદેસરના હેતુના આધારે ઈ.પી.કો. કલમ–૧૪૯ પુરવાર કરવા માંગે છે. બીજા આરોપીઓની ગેરહાજરીમાં કોર્ટ હાલના બે આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૯ ના ગુનામાં તકસીરવાન ઠરાવી શકે નહી.

હાલના બન્ને આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ–૧૪૯ મુજબનો ગુનો બનતો નથી અને રેકર્ડ ઉપરનો પુરાવો પુરતો નથી કે જેના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય.

(૭.૭) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આ આરોપીઓ કઈ રીતે નામ. કોર્ટ સમક્ષ આવ્યા તે જોઈએ તો, આંક–૪૦ થી આરોપીનું અટક તથા રીકવરી પંચનામું રજુ છે. આંક–૪૦ નું અટક તથા રીકવરી પંચનામું ફરીયાદપક્ષ તરફે પુરવાર કરવામાં નથી. કારણકે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સદર પંચનામામાના પંચ–૧ મનજી કાનજીને તપાસેલા નથી. જયારે પંચ–ર કમલેશ બુધારામને આંક–૩૯ થી તપાસેલા છે જેઓ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. આંક–૪૦ નું પંચનામું વાંચી આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, બન્નેમાંથી કોઈપણ આરોપીની ઓળખ ફરીયાદીએ એફ.આઈ.આર.માંવર્ણવેલ નથી.

(૭.૮) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક–૪૮ ના પંચનામાથી તા.૧૭–૫–૧૬ ના રોજ આરોપીઓની આઈ.ડી.પરેડ થયેલી છે. હાલના આરોપીઓની ઓળખ થયેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક–૪૮ ના પંચનામા મુજબ બે આરોપીઓની ઓળખ પરેડ થયેલ. જયારે આંક–૧૩૧ થી સાહેદ નં.૧૮ એકઝી.મેજી.શ્રી એસ.એચ.અભાણીની જુબાની થયેલ છે. જેમાં ફકત એક જ આરોપીની ઓળખ પરેડ કરેલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપીઓની ઓળખ પુરવાર થયેલ નથી અને આરોપીઓની ઓળખ સબંધે શંકા ઉભી થાય છે. વધુમાં એકઝી.મેજી.શ્રી પોતાની

જુબાનીની ઉલટતપાસમાં આરોપીની ઓળખ છુપાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી તેવું સ્વીકારેલ છે.

(૭.૯) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મામલતદાર કચેરીના કલાર્ક રાકેશ પ્રજાપતિને સાહેદ તરીકે દર્શાવ્યા નથી કે તપાસ્યા નથી. ફરીયાદીની ઓળખ અંગે એકઝી.મેજી.શ્રીએ કયો દસ્તાવેજ ચકાસ્યો તે બાબતે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ નથી. તપાસ કરનાર અમલદારના પેપર ઉપરથી કયાંય પુરવાર થતું નથી કે આરોપીઓના નામ કે સંડોવણી છતી થયેલ હોય અને તે ફરીયાદીએ જાહેર કરેલ હોય. ચાર્જમાં કલીયર થાય છે કે, ફરીયાદી આરોપીના ઘરે ગયેલ છે. તહોમતનામા પ્રમાણે એ સ્પષ્ટ છે કે, ફરીયાદી આરોપી એકબીજાને ઓળખે છે, જે બતાવે છે કે ઓળખ પરેડની પ્રોસીજર આરોપીઓને ખોટી રીતે સંડોવણી કરવા તથા આરોપીઓને ફસાવવા કરેલ છે. વધુમાં સાહેદ નં.૧૮ આંક–૧૩૧ એકઝી.મેજી.શ્રીની જુબાની વાંચી આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, ડમી વ્યકિતઓને બોલાવવા માટે પટાવાળો ગયો છે. આરોપીઓને પટાવાળાએ જોયા નથી તો કેવી રીતે ચહેરા મોહરા અને બાંધાવાળા ડમી વ્યકિતઓને બોલાવવામાં આવ્યા. આ તબકકે આંક–૪૮ નું પંચનામું જોઈએ તો, આંક–૪૮ ના પંચનામામાં પાના નં.૩ ઉપર જણાવેલ જે ડમી ઈસમો ઉભા છે તે તમામ મુસ્લીમ કોમ્યુનીટીના છે. પંચનામામાં શરીર, ઉંચાઈ, રંગ, વર્ણન વિગેરે જણાવેલ નથી. તેઓ ડમી હતા તે બતાવતો કોઈ પુરાવો રજુ નથી. ડમી માણસોને નોટીસ આપી બોલાવ્યાનો કોઈ આધાર રજુ નથી. ડમી માણસોને પણ આરોપીઓની ઉંમર અને વર્ણન

બાબતે ખબર નથી. ઓળખ પરેડ ફકત આરોપીઓને ફસાવવા માટેનું એકમાત્ર નાટક જ છે.

(૭.૧૦) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૧૪૩ થી પી.એસ.ઓ. ચંદુભાઈ ખેતશીભાઈ પરમારને સાહેદ નં.૨૧ તરીકે તપાસેલા છે. સદર કામે મનાલી ટાવર પાસે આવેલ ઝુપડામાં બનાવ બનેલ છે તેવું જણાવેલ છે. આંક-૧૪૪ થી રજુ થયેલ સ્ટે.ડાયરી નં.૨૮/૧૬ ની સદર સાહેદે નોંધેલ છે. આંક-૧૪૪ થી રજુ થયેલ સ્ટે.ડાયરીની નોંધ આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ વાંચી દલીલો કરતા જણાવેલ છે કે, સદર નોંધના અનુસંધાને સ્થાનિક જગ્યાનું પંચનામું રજુ થયેલ છે, જે સ્થાનિક જગ્યાનું પંચનામું આંક-૨૮ થી રજુ છે, સદર પંચનામામાં ઓમ પાર્ટી પ્લોટનો ઉલ્લેખ નથી, મનાલી ટાવરનો ઉલ્લેખ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક-૧૨૮ થી સ્થાનિક જગ્યાનો નકશો રજુ છે તેમાં પણ ઓમ પાર્ટી પ્લોટનો ઉલ્લેખ નથી કે એમ.આર.શાહનો પણ ઉલ્લેખ નથી. ઈલેકટ્રીક થાંભલો બતાવેલ છે અને ત્યારપછી બનાવવાળી જગ્યા બતાવેલ છે. સ્થાનિક જગ્યાનું પંચનામું તા.૧૪-૫-૧૬ ના રોજ ૧૭.૩૦ થી ૧૮.૧૫ દરમ્યાન તૈયાર કરવામાં આવેલું છે. આ સમય દરમ્યાન બનાવવાળી જગ્યાએથી મુદામાલ સીલ કરેલ છે. એફ.એસ.એલ. નો પ્રાથમીક અહેવાલ આંક-૧૬૨ થી રજુ છે, જેમાં તપાસ કર્યાનો સમય ૧૮.૩૦ થી ૧૯.૩૦ દર્શાવેલો છે. એફ.એસ.એલ. ના પ્રાથમીક અભિપ્રાય અહેવાલ મુજબ આ બધી વસ્તુ જોઈ કબજે કરવા ભલામણ કરેલ છે. દસ્તાવેજી પુરાવા તથા મુદામાલ રજુ છે તે સાહેદોની જુબાની જોતા

વિપરીત છે. જયારે સ્થાનિક જગ્યાનું પંચનામું પણ શંકા પ્રેરે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, જે પણ વસ્તુઓ આંક–૨૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામાથી કબજે થયેલી છે તેને આંક–૧૬૨ ના એફ.એસ.એલ. ના પ્રાથમીક અહેવાલ ઉપરથી સમર્થન મળતું નથી જેથી તેની ઉપર આધાર રાખી શકાય નહી. સ્થાનિક જગ્યા ખુબ જ મહત્વની બાબત છે. તમામ સાહેદોની જુબાની ઉપરથી બનાવવાળી જગ્યા બદલાતી હોય શંકા ઉભી કરે છે જેથી તેની ઉપર આધાર રાખી શકાય નહી. બનાવવાળી જગ્યા શંકારહિત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૭.૧૧) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૯૯ થી સાહેદ અગો સુરજ દેવીપુજકને સાહેદ નં.૧૩ તરીકે તપાસેલા છે. સદર સાહેદે પાના નં.૨ ઉપર ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, કુલ આઠ–નવ માણસો આવેલ હતા અને ત્યાં અંધારુ હતું. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બાયકોર્ટ તપાસેલ સાક્ષી ઉપરથી ફલીત થાય છે કે, આરોપીઓને શોધવાના બાકી છે. કોઈપણ સાહેદને પાર્ટલી માનવો કે નહી પાર્ટલી નહીં માનવો તેમ નહી કરી શકાય. કોઈપણ સાહેદ જણાવતા નથી કે ત્યાં લાઈટ હતી. બનાવ રાત્રીના આઠ વાગે બનેલ છે. ફરીયાદપક્ષના એક સાહેદે જુબાનીમાં જણાવેલ છે કે ત્યાં અંધારુ હતું. ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે બનાવવાળી જગ્યાએ લાઈટ હતી.

(૭.૧૨) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક–૫૫ થી ફરીયાદી ગીતાબેન શ્રવણકુમાર દેવીપુજક (મરણજનારના પત્ની) ને સાહેદ નં.૧૧ તરીકે તપાસેલા છે. તેઓએ આપેલ ફરીયાદ આંક–૫૬ થી રજુ છે. આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ આંક–૫૬ ની ફરીયાદ વાંચી દલીલો કરતા જણાવેલ છે કે, ફરીયાદી બાઈએ ફરીયાદમાં જણાવેલ નામો ચાર્જશીટના કોલમ નં.૧૨ માં દર્શાવેલા છે અને લખેલ છે કે તમામ વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદની શરૂઆતમાં જણાવ્યા મુજબની જગ્યા જુદી છે. ફરીયાદમાં હાલના આરોપીઓના નામ નથી.

(૭.૧૩) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે સદર ગુનાના કામે આરોપીઓનું મોટીવ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી બાઈએ પોતાની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, નટીયાએ તેના હાથમાનો પાઈપ તેના પતિને મારેલો. આ નટીયાને કોલમ નં.૧૨(૧) માં દર્શાવેલ છે. આ આરોપી વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે જેને પકડવામાં આવેલ નથી. ફરીયાદીની કોર્ટ રુબરુની જુબાની જોતા બદઈરાદા પુર્વક અને સત્ય હકીકતો વગરની જુબાની આપેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, બાયકોર્ટ તરીકે તપાસેલા આંક–૨૧૨ ના સાહેદે આંક–૨૧૩ થી સ્ટે.ડાયરીનો ઉતારો રજુ કરેલ છે. મોટીવ એ બે ધારી હથીયાર છે. સદર ગુનાના કામે આરોપી નટીયાને દર્શાવવાનું કારણ એ હતું કે તેના કુટુંબની દીકરીને ઉપાડી ગયા હતા અને તેની સાથે બળાત્કાર

થયેલ જેની ફરીયાદ સુરેન્દ્રનગર પાટડી લખતર પો.સ્ટે.માં થયેલ જેનો બદલો લેવા આરોપીઓનું નામ જણાવેલ અને ખોટી ફરીયાદ આપેલ છે. ફરીયાદીનો કયા વર્ઝનને સાચો માનવો અને કયા વર્ઝનને ખોટો માનવો તે કહી શકાય નહી. પુરાવાનું મુલ્યાંકન કરીએ ત્યારે સમગ્ર પુરાવો એકસાથે વંચાણે લેવો જોઈએ.

(૭.૧૪) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે આંક-૨૧૩ થી તા.૯-૮-૧૬ ની છે જેનો એન્ટ્રી નં.૧૬ વાંચતા દલીલ કરતા જણાવેલ છે કે, ગુજરી જનાર શ્રવણ તથા વિજયની વિરુધ્ધમાં લખતર પો.સ્ટે.માં અપહરણ અને બળાત્કારની ફરીયાદ થયેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી દીલુ ઉર્ફે હરેશ દેવીપુજકના સદર વર્ઝન ઉપર આધાર રાખી બનાવમાં સદર આરોપીની સંડોવણી નથી તેમ માનેલ. તેમજ આજદીન સુધી બીજા આરોપીઓ સામે કોઈ કાર્યવાહી કરી નથી કે તેઓને અટક કર્યા નથી. ફરીયાદીની સ્ટોરી એવી છે કે, ''અમે આરોપીના ઘરે ગયેલ અને અમારા વાસણોની માંગણી કતા તેમણે ના પાડેલ અને જમતા હતા ત્યારે હુમલો કરેલ.'' વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, હુમલો કરવાનું કોઈ કારણ નથી. આરોપીને બનાવની અડધી કલાક-કલાક પહેલા તો જોયેલા છે. તેમ છતાં હું તેના ઘરે ગઈ તે હાજર હતા તેવું જણાવતા નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ગામડીયાની વાત કરે છે તો હાલના આરોપીઓ ગામડીયા તરીકે ઓળખાતા નથી.

(૭.૧૫) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મરણજનારને માત્ર એક જ ઈજા થયેલ છે. જે તે વખતે પાઈપ જણાવેલ છે. જયારે સોગંદ

ઉપરની જુબાનીમાં બતાવેલ હથીયાદ જુદું છે જે ઉપડી શકે તેમ નથી. ફરીયાદમાં આક્ષેપ નટીયા સામે કરેલ છે જેને કોલમ નં.૧૨(૧) માં દર્શાવેલ છે. જેથી આખી ફરીયાદ શંકા ઉભી કરે છે તે બતાવવા સાહેદ નં.૨૩ આંક–૧૫૬ સામતભાઈ વાળોતરીયાની જુબાની વાંચી દલીલ કરતા જણાવેલ છે કે, તપાસ કરનાર અમલદારશ્રીએ જે હથીયારો ડીસ્કવર કર્યાનું પંચનામું રજુ કરેલ છે તે ડીસ્કવરી પંચનામામાં કોઈપણ આરોપીની સ્વતંત્ર કબુલાત આવતી નથી. ડીસ્કવરી પંચનામું જોઈન્ટ ડીસ્કવરી પંચનામું છે. આવા સંજોગોમાં જે આરોપીઓને અટક કરેલા છે તે શંકા પ્રેરે છે.

(૭.૧૬) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય સાહેદોના પુરાવામાં મટીરીયલ કોન્ટ્રાડીકશન આવે છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચાર સાહેદો (૧) મરણજનારના પત્ની, (૨) મરણજનારનો ભાઈ, (૩) મરણજનારની ભાભી અને (૪) બાળ સાહેદ અગાની જુબાની જોતા, આ ચારેય જણાની જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ છે. ફરીયાદીના કહેવા મુજબ નટીયાએ માર્યો અને તપાસ એજન્સી કહે છે કે, નટીયો ન હતો અને કોર્ટમાં હાજર જ નથી થયો અને તેની સામેના આક્ષેપો શંકાના ગેરામાં છે. સદર આરોપી નટીયો આજદીન સુધી અટક થયેલ નથી કે કોર્ટ રુબરુ રજુ થયેલ નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક–૨૧૩ જોતા આરોપીઓની ખોટી સંડોવણી થયેલ છે તે નિર્વિવાદ પણે પુરવાર થાય છે. આરોપીઓ સામેનો પુરાવો ડાઉટફુલ છે.

(૭.૧૭) વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સાહેદો ત્રણ કેટેગરીમાં હોય (૧) સંપુર્ણપણે માનવા પાત્ર, (ર) સંપુર્ણપણે નહીં માનવા પાત્ર અને (૩) નહીં કે સંપુર્ણપણે માનવા પાત્ર અથવા નહીં માનવા પાત્ર. આરોપીઓ તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલોના સમર્થનમાં મહેન્દ્રસીંગ અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ એમ.પી. ૨૦૨૨ (૨) ક્રાઈમ પાના નં.૩૧૯ એસસી પેરા–૧૩ અને ૨૦ ઉપર આધાર રાખી દલીલો કરતા જણાવેલ છે કે, જયારે ગેરકાયદેસર મંડળીનો આક્ષેપ આરોપીઓ ઉપર છે ત્યારે સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં નામ. સુપ્રીમ કોર્ટના અલાઉદીન અને બીજા વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ ૨૦૨૪ (એસએઆર) પાના નં.૬૦૩ પેરા–૪ તથા ૧૮ ઉપર આધાર રાખી દલીલો કરતા જણાવેલ છે કે, હાલના સાહેદો ત્રીજી કેટેગરીમાં આવે છે. આરોપીઓ સામે ગેરકાયદેસર મંડળીનો આક્ષેપ છે જે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોઈ, આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય મહત્વના સાહેદોની સોગંદ ઉપરની જુબાની જોઈએ તો તેમાં ગેરકાયદેસર મંડળીનો પુરાવો આવેલ નથી અને જે પુરાવો આવેલો છે તે માનવાલાયક નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સી.આર.પી.સી. કલમ–૩૧૯ મુજબ ફરીયાદપક્ષ તરફે સાહેદ તપાસેલો નથી. બાકીના આરોપીઓ વિરુધ્ધ પુરાવો ન હોઈ તેઓની સામે કોઈ કાર્યવાહી થયેલી નથી કે તેઓને અટક કરેલા નથી. ચાર્જશીટ થયા પછી પણ બાકીના આરોપીઓ સામે કોઈ પગલા ભરેલા નથી. હાલના આરોપીઓ સામે ગેરરકાયદેસર મંડળીનો આક્ષેપ

છે તે ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોઈ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭.૧૮) આરોપીઓ તરફે વિ.વ.શ્રીઓએ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૧. ૨૦૨૨ (૨) ક્રાઈમ્સ ૩૧૯ (એસસી), મહેન્દ્ર સીંગ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ એમ.પી.

૨. ૨૦૨૪ એસએઆર (ક્રિમીનલ) ૬૦૩, અલાઉદીન અને બીજાઓ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ આસામ.

૩. ૨૦૦૦ (૪) જીસીડી ૨૮૪૦ (ગુજરાત), સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ મમુભા પ્રેમસંગજી જાડેજા.

૪. એ.આઈ.આર. ૨૦૧૪ એસસી (સુપ્રીમ કોર્ટ) ૧૧૧૬, અનીલ સ/ઓફ શામરાવ સુતે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર.

(૮) **નિર્ણય માટેના મુદ્દાઓ.**

ઉપરોકત હકીકતોએ આ કેસના મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવમાં શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યું કુદરતી રીતે નહી, પરંતુ સાપરાધ મનુષ્ય વધના પરિણામે નિપજાવેલ છે ?

(૨) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવનાં સમય અને સ્થળે આ કામના તમામ આરોપીઓએ ભેગા મળી ગેરકાયદેસર

મંડળી રચી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, પોતાનો સમાન હેતુ પાર પાડવા એકસંપ થઈ પ્રાણઘાતક હથીયારો સાથે હુલ્લડ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કોડ કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલો છે ?

(૩) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીબેનના જેઠ રાજુ દેવીપુજકે આરોપીઓને ફરીયાદીબેનના વાસણો તથા ટી.વી. વેચી નાખેલ હોય, જે પરત લેવા ફરીયાદી તથા તેના પતિ જતા આરોપીઓએ ફરીયાદીના વાસણો તથા ટી.વી. પરત નહીં આપી અને ત્યારબાદ આરોપીઓએ તા.૧૩–૫–૧૬ ના રોજ કલાક ૨૦.૦૦ વાગ્યા દરમ્યાન ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની લોખંડના પાઈપ તથા લોખંડના કોશ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી , ફરીયાદીના રહેણાંક ઝુપડા ઉપર હુલ્લડ કરીને ફરીયાદીના પતિ શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકને માથામાં મરણતોલ પાઈપ તથા લોખંડની કોશથી ઘા મારી તેનું મૃત્યુ નિપજે તેવી ઘાતક ઈજા કરી તેનું મૃત્યુ નીપજાવી, ખુન કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કોડ કલમ ૩૦૨, ૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલો છે ?

(૪) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ બનાવ સમય, સ્થળ અને તારીખે, બનાવવાળા વિસ્તારમાં મે.શ્રી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, કચ્છ–ભુજનાઓનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવા છતાં, લોખંડના પાઈપ તથા લોખંડના કોશ ધારણ કરી, મે.ના.શ્રી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી, ભુજ–કચ્છ

નાઓના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલો છે ?

(૫) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક.

(૨) નકારાત્મક.

(૩) અંશત: હકારાત્મક.

(૪) નકારાત્મક.

(૫) આખરી હુકમ મુજબ.

## <u>–:: કારણો ::–</u>

**પુરાવાકીય મૂલ્યાંકન :–**

(૧૦) **<u>મુદ્દા નં. ૧ :–</u>**

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુનાનો આક્ષેપ કરેલો છે. આરોપી ઉપર ખૂન કરવા અંગેનો ફરિયાદપક્ષે આરોપ મુકેલો છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ની જોગવાઈ ઘ્યાને લઈએ તો ''જો કોઈ વ્યકિત પોતાના કૃત્યથી મૃત્યુ થવાનો સંભવ છે, એવા જ્ઞાન, ઈરાદા કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં તેવુ કૃત્ય કરે અને તે કૃત્યથી ભોગ બનનારનું મૃત્યુ નીપજે તે વ્યકિતને મૃત્યુદંડ અથવા આજીવન કેદની શિક્ષા કરવામાં આવે અને તે દંડને પાત્ર થશે.''

(૧૦.૧) ભારતીય દંડ સંહિતાની જોગવાઈઓ જોતા કલમ–૩૦૨ મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌ પ્રથમ તો મરણજનારનું મોત કુદરતી નહિં પરંતુ સાપરાધ મનુષ્ય વધ હતું, તે પુરવાર કરવું પડે. જેથી આ કામે મરણ જનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યુ સાપરાધ મનષ્ય વધ છે કે કેમ? તે માટે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ડોકટર સાહેદોનો પુરાવો લક્ષમાં લઈએ તો–

(૧૦.૨) ફરીયાદપક્ષ તરફે મરણજનારની લાશનું પી.એમ. કરનાર ડોકટર સાહેદ અરવિંદ કુમાર સુરેન્દ્રકુમાર સિન્હાની આંક–૧૧૫ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ગઈ તા.૧૪.૦૫.૨૦૧૬ ના રામબાગ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન તેઓને ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાંથી પી.આઈ.એસ.એમ.વાળોતરીયા દવારા લાશનું પેનલ પીએમ કરી અને કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ તેમજ પી.એમ.નોટ આપવા તથા મરણ જનારનું બ્લડ સેમ્પલ મેળવવા અંગેની યાદી ઈન્કવેસ્ટ પંચનામા તેમજ મરણોત્તર ફોર્મ સાથે તેઓને મળતાં, તેઓએ લાશનું પેનલ પીએમ કરવા માટેની કાર્યવાહી શરુ કરેલી. તેમની સાથે ડો.ડાલી આર.કતીરા પેનલમાં ડોકટર તરીકે હતા. તેઓને પીએમ અંગેની યાદી મળેલ હતી. યાદી અન્વયે તેઓએ લાશનું પીએમ તા. ૧૪.૦૫.૨૦૧૬ ના કલાક સવારે ૦૮.૦૦ ના શરુ કરેલ હતું અને પીએમ ની કાર્યવાહી કલાક ૦૯.૪૫ કલાકે પુરી કરેલ હતી. તેઓએ જે લાશનું પીએમ કરેલ તેનું નામ શ્રવણ ધીરુભાઈ દેવીપુજક હતું અને ઉંમર ૨૫ વર્ષનો પુરુષ હતો અને તેણે જીન્સ પેન્ટ,કાળું શર્ટ, બ્રાઉન બેલ્ટ, પહેરેલ હતુ. તેના

કપડા ઉપર લોહીના ડાઘ હતા. તેમના જમણા હાથ ઉપર'' સોનલ ''નામનું ટેટુ હતુ. તેમનો શારીરીક બાંધો મધ્યમ હતો અને શરીર ઠંડુ હતું, શરીર અકડાઈ જવાની ક્રિયા આંશીક રીતે શરુ થઈ ગઈ હતી. શરીરના પાછળના ભાગે પી.એમ.લીવીડીટી જોવા મળેલ હતી. આંખો અર્ધ ખુલ્લી હતી અને મોઢુ બંધ હતુ. તેના શરીર પર ઘા જોવા મળેલા જેમાં ૧. તેમના માથાના પાછળના ડાબી બાજુ સાઈડમાં પેરાટાઈન બોનમાં કપાયેલો છુંદાયેલો ઘા હતો જે લાલ કલરનું હતુ અને હાડકામાં ડીપ ફ્રેકચર હતુ. જેની સાઈઝ ૩ સેમી × ૧.૫ સેમીની હતી. સદર ઈજા સખ્ત અને બોથડ પદાર્થથી મૃત્યુના બાર કલાકમાં થયેલ હતી. ૨. છાતીના આગળની દીવાલ ઉપર બ્રુશ હતુ. જેનું માપ ૧૦ સેમી ×૨ સેમી નું હતુ, જે ઈજા લાલ કલરની હતી. સદર ઈજા સખ્ત અને બોથડ પદાર્થથી મૃત્યુના બાર કલાકમાં થયેલ હતી.

સદર ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબની આંતરિક તપાસ કરતા પી.એમ.ના કોલમ નંબર–૧૯/૧ની ઈજાઓ જે ઈજાઓ પી.એમ.રીપોર્ટના કોલમ નં–૧૭માં જણાવ્યા મુજબની ઈજાઓ જોવા મળેલી.પી.એમ.ના કોલમનંબર –૧૯/૨માં ઓકયુપીટલ બોન અને લેફ્ટ પેરાઈટલ બોનમાં ફ્રેકચરની ઈજાઓ હતી. પી.એમ.ના કોલમ નંબર –૧૯/૩માં ખોપરીની અંદર મગજ સંકોચાઈ ગયેલ હતુ અને હેમરેજ હતુ અને લોહીની નળીઓ ફાટી ગયેલ હતી અને લોહી જામી ગયેલ હતુ. જમણુ અને ડાબુ ફેફસુ કંજેસ્ટેડ હતુ. હૃદય તથા મોટી રકતવાહીનીઓ પણ કંજેસ્ટેડ હતી. પેટની ઉપરના સ્તરની દીવાલ અને પેટનું પોલાણ કંજેસ્ટેડ હતુ જીભ ફકકી પડી ગયેલ હતી.

અન્નનળી કંજેસ્ટેડ હતી. હોજરી ખાલી હતી. નાના આંતરડુ કંજેસ્ટેડ હતુ અને ગેસની વાસ આવતી હતી. મોટું આંતરડુ કંજેસ્ટેડ હતુ અને મળથી ભરેલુ હતુ. યકૃત, અન્નાશય,બરોળ,મુત્રપીંડ ફીકા પડેલા હતા. પેશાબની કોથળીમાં કોથળી મુત્રથી ભરેલી હતી. તેમના અભિપ્રાય મુજબ મરણજનારનું મૃત્યુ માથામાં થયેલી ઈજાઓના કારણે હેમરેજ જઈ જવાના કારણે આઘાતથી થયેલુ. તેઓ આંક–૧૧૬ થી રજુ થયેલ પી.એમ. રીપોર્ટ જે ડો.ડાલી કતીરાના હસ્તાક્ષરમાં લખાવેલ હોવાનું જેમાં તેઓની તથા ડો.ડાલી કતીરાની સહી અને હોદાનો સીકકો હોવાનું ઓળખી બતાવે છે. તેઓ આંક–૧૧૭ થી રજુ થયેલ મૃત્યુ પ્રમાણપત્રમાં તેઓની તથા પેનલ ડોકટર ડો.ડાલી કતીરાની ની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેઓ આંક–૧૧૮ થી રજુ થયેલ ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશન માં થી પી.આઈ.એસ.એમ.વાળોતરીયા દવારા લાશનું પેનલ પીએમ કરી અને કોઝ ઓફ ડેથનું સર્ટીફીકેટ તેમજ પી.એમ.નોટ આપવા તથા મરણ જનારનું બ્લડ સેમ્પલ તથા કપડા મેળવવા અંગેની યાદી મરણોત્તર ફોર્મ સાથે તેઓને મળેલ છે, જેમાં તેઓની તથા પેનલ ડોકટર ડાલી કતીરાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેઓ આંક–૧૧૯ થી રજુ થયેલ ફોર્મ–બી માં તેઓની તથા પેનલ ડોકટર ડાલીની સહી તેમજ હોદાના સીકકા હોવાનું ઓળખી બતાવે છે. શબ પરીક્ષણ દરમ્યાન લીધેલ બ્લડના સેમ્પલ પૃથકકરણ માટે એફએસએલ,રાજકોટમાં મોકલાવેલ. મુદામાલ આર્ટીકલ નં–૮, માર્ક/ડી તે એક લોખંડની કોશ છે, તથા મુદામાલ આર્ટીકલ નં–૯, માર્ક/ડી/૧ તે એક લોખંડનો પાઈપ છે, જે મરણ

જનારને થયેલ ઈજાઓ આવા હથીયારથી થઈ શકે તેમ હોવાનું જણાવે છે.

(૧૦.૩) ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૦ આંક–૫૦ થી પંચ સાહેદ દિપક બાબુભાઈ કોલીની સોગંદ ઉપર જુબાની થયેલી છે. સદર સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૫૧ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામામા પોતાની સહી હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે, જયારે ઈન્કવેસ્ટ પંચનામાની હકીકતો સમર્થન પુરુ પાડેલ નથી, અને તેઓને ફરીયાદપક્ષ તરફે ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા છે.

સદર પંચનામાના અન્ય પંચ સાહેદ નં.૧૧ આંક–૫૪ થી નીલેશ મફતલાલ પટેલની સોગંદ ઉપર જુબાની થયેલી છે. તેઓએ આંક–૫૧ થી રજુ થયેલ ઈન્કવેસ્ટ પંચનામાને સમર્થન પુરુ પાડેલું છે. પંચ સાહેદે પોતાની આંક–૫૪ ની સોગંદ ઉપરની જુબાનીમાં આજથી અગાઉ બે વર્ષ પહેલા બી ડીવીજન પોલીસે તેમને પંચમાં રહેવા માટે રામબાગ હોસ્પીટલ,આદીપુર મધ્યે બોલાવેલ. તેમની સાથે જે તે વખતે ત્યાં તેઓ તેમજ અન્ય રીક્ષા ચાલક હાજર હતા જેનુ હાલે તેમને નામ યાદ નથી. આ કામે તેઓ રામબાગ હોસ્પીટલ ગયેલા ત્યાં એક ભાઈનું મર્ડર થઈ ગયેલ હોય તેની લાશનું પંચનામુ કરવાનુ હોય તેની કાર્યવાહી માટે તેઓ ત્યાં હાજર થયેલા અને તે લાશ તેમને બતાવવામાં આવેલ તે લાશ એક ભાઈની હતી અને તેમના શરીરના અલગ અલગ ભાગે લાગેલુ હતું, તે રીતે તે લાશને જોઈ તે લાશનું પંચનામુ કરવામાં આવેલ અને તે પુરુ થયેથી તેઓએ તેમજ અન્ય પંચે તેમાં સહી કરેલી. તેઓ આંક–૫૧

ના ઈન્કવેસ્ટ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ઉલટતપાસમાં સદર સાહેદે જણાવેલ છે કે, અગાઉ તેઓએ બે ત્રણ પંચનામામાં પંચ તરીકે સહીઓ કરેલી છે. વધુમાં સ્વીકારેલ છે કે, પોલીસવાળાને પંચનામામાં સહી કરવાની ના પાડે તો ચલણ કરવાની બીક રહે છે. વધુમાં જણાવેલ છે કે, તેમને રામબાગ બોલાવવા માટે એક ગાડી આવેલ હતી. તેઓ પોલીસવાળાને તથા ડ્રાઈવરને ઓળખતા હતા. વધુમાં સ્વીકારેલ છે કે, રામબાગ હોસ્પિટલમાં તેઓ ગયેલા પરંતુ તેમની નજરે જોયેલ હોય અને લખાવેલ હોય તેવું બનેલ નથી. આંક–૫૧ થી રજુ થયેલ પંચનામું ધ્યાને લઈએ તો, ગુનાના કામે મરણજનારની લાશનો પંચનામાની વિગતે ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ છે. તેમજ માથાના પાછળના ભાગે લોહીથી ખરડાયેલ અને ઈજાના લીસોટાના નીશાન પંચનામામાં દર્શાવેલું છે.

આમ, ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ આંક–૧૧૫ ના મેડિકલ ઓફિસરશ્રીની સોગંદ ઉપરની જુબાની તેમજ મરણજનારની આંક–૧૧૬ ની પી.એમ.નોટ તથા આંક–૧૧૭ ના મૃત્યુ પ્રમાણપત્ર ઉપરથી ગુજરનારનું મૃત્યુ માથામાં થયેલી ઈજાઓના કારણે હેમરેજ જઈ જવાના કારણે આઘાતથી થયેલ હોવાનું ફલીત થાય છે. મેડીકલ ઓફીસરશ્રીનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતા ગુજરનારના મૃત્યું સંબંધે અભિપ્રાય, અને ડોકટર સાહેદના પુરાવામાં આંક–૧૧૬ થી રજૂ થયેલ અસલ પી.એમ. નોટની હકીકત તથા આં ક–૧૭૧ થી રજુ થયેલ એફ.એસ.એલ. પરીક્ષણ અહેવાલ સાથે લક્ષમાં લેતા ગુજરનાર શ્રવણભાઈ ધીરુભાઈ

દેવીપુજકનું મૃત્યું માથામાં થયેલી ઈજાઓના કારણે હેમરેજ જઈ જવાના કારણે આઘાતથી થયેલ હતું, જે કુદરતી રીતે નહીં, પરંતુ સાપરાધ મનુષ્ય વધના કારણે અકુદરતી રીતે નિપજેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ સંજોગોમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારાત્મક આપું છું.

(૧૧) **<u>મુદ્દા નં. ૨ :-</u>**

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. બન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાને લીધી. સદર કામે રજુ થયેલ પુરાવાનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો સદર કામે ઉપરોકત મુદા નં.૧ માં ચર્ચા કરી તે અનુસાર મરણજનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ પુરવાર થયેલ છે. ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ નીવડેલ છે કે, મરણજનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ છે. હવે, સદર કામે ફરીયાદપક્ષની એ જવાબદારી રહે છે કે આરોપીઓએ બનાવ વખતે ગેરકાયદેસરની મંડળી રચી કૃત્ય કરેલ હતું. તે સબંધે રજુ થયેલ પુરાવો ધ્યાને લઈએ તો, શું આરોપીઓએ બનાવ વખતે ગેરકાયદેસર મંડળી રચેલ હતી કે કેમ અથવા તો આરોપીઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પ્રાણઘાતક હથીયારો ધારણ કરી પોતાનો સમાન હેતુ અને સમાન ઈરાદો પાર પાડવા માટે એકસંપ થઈ પ્રાણઘાતક હથીયારો સાથે હુલ્લડ કરેલ છે કે કેમ? તે સબંધે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લઈએ તો.

(૧૧.૧) સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદો પૈકી ફરીયાદી સાહેદ નં.૧૨ ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં ગેરકાયદેસર મંડળી સબંધે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, '' તે સમયે બચુએ લોઢાનો પાઈપ મારા પતિને માથાના ભાગે મારેલો.અને મારા પતિ પડી ગયેલા અને તે ઉભા થવા જતા હતા ત્યારે નટીયાએ તેના હાથમાંનો પાઈપ મારા પતિને માથા પર મારેલો.આ કામે આરોપીઓ મારા પતિને મારીને ત્યાંથી ભાગી ગયેલા સદરહુ બન્ને આરોપીઓ સિવાય અન્ય આરોપીઓ તેમની સાથે હતા જેમને નામથી નથી ઓળખતી પણ તેમને જોયેથી ઓળખી શકુ.''

તે જ રીતે ફરીયાદી બાઈએ આંક–૫૬ ની ફરીયાદમાં ગેરકાયદેસર મંડળી સબંધે જણાવેલ છે કે, ''બુજી તથા તેની સાથે બીજા દસેક જણા હાથમાં લોખંડના પાઈપ લઈને આવેલ અને સીધાજ મારા પતિને મારવા લાગેલ નટીયાએ મારા પતિને માથામાં પાઈપ મારતા પડી ગયેલ અને લોહી નીકળવા લાગેલ.''

આમ, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ વખતે બચુ તથા નટીયો હાથમાં લોખંડનો પાઈપ લઈ આવેલ હોવાનું જણાવેલ છે, તેમજ અન્ય આરોપીઓ આવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ અન્ય કેટલા આરોપીઓ આવેલા તે સબંધે લેશમાત્ર હકીકત જણાવેલી નથી. જયારે આંક–૫૬ ની

ફરીયાદમાં નટીયો તથા બુજી બીજા દસેક જણા લોખંડનો પાઈપ લઈને આવેલ હોવાનું જણાવેલ છે.

(૧૧.૨) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ આંક-૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં ગેરકાયદેસર મંડળી સબંધે પુરાવો આપતા જણાવેલ છે કે, '' લાભુ,બચુ,નટીયો,દીલુ,બુજી આમ બીજા આઠ નવ લોકો આવેલા. લાભુએ માથામાં ઘા મારેલ. બુજીના હાથમાં ધોકા જેવું કાંઈક હતુ તેના વડે મારા પિતાને મારેલ.''

(૧૧.૩) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ આંક-૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં ગેરકાયદેસર મંડળી સબંધે પુરાવો આપતા જણાવેલ છે કે, '' લાભુ,બચુ અને અન્ય છ સાત જણા આવેલા અને લાભુ અને બચુએ મારા દીયરના માથાના પાછળના ભાગે ઘા મારેલ અને તે ઘા ટામી અને પાઈપથી મારેલા.''

(૧૧.૪) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ આંક-૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં ગેરકાયદેસર મંડળી સબંધે પુરાવો આપતા જણાવેલ છે કે, '' લાભુ તથા બુજીએ મારા ભાઈ શ્રવણને માર મારેલો. તે વખતે લાભુના હાથમાં પાઈપ હતી અને બચુના હાથમાં કોષ જોયેલી. ત્યારબાદ આ લોકો ભાગી ગયેલા. તે વખતે આ લાભુ તથા બચુ સાથે અન્ય ૫-૬ જણા હતા. મારા ભાઈ શ્રવણને માથાના પાછળના ભાગે વાગેલું. બનાવ વખતે મારા ભાઈ શ્રવણ સાથે તેની

પત્ની ગીતા, તેનો દીકરો અગો, દીકરી ચુંગી અને બીજો દીકરો ભોં દો સાથે જમતા હતા.''

સદર ચારેય સાહેદોને ઉલટતપાસમાં આરોપીઓ તરફે ગેરકાયદેસર મંડળી સબંધે કોઈ પ્રશ્નો પુછવામાં આવેલ નથી. સદર ચારેય સાહેદોને આરોપીઓની સંખ્યા સબંધે પ્રશ્નો પુછતા નકારમાં જવાબ આપેલો છે.

(૧૧.૫) હવે સદર પુરાવા સાથે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સાહેદ નં.૨૩ તપાસ કરનાર અમલદાર સામતભાઈ મુરુભાઈ વાળોતરીયાની આંક-૧૫૬ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો ગેરકાયદેસર મંડળી સબંધે પુરાવો આપતા, આંક-૧૬૦ થી વસ્ત્રાપુર પી.એસ.ઓ. દવારા કરવામાં આવેલ યાદી રજુ કરેલ છે જેમાં (૧) નટીયો મુલસીગ તથા (૨)બુજી વીરજી (૩) દીલુ વીરજી (૪) બગી છગન તથા (૫)બીજુ લાલજી નાઓ નાશતા ફરતા હોય મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા કરેલ યાદી રજુ કરેલ છે. તેમજ આંક-૧૬૧ થી પો.કો. ઈકબાલ અબ્દુલ્લા આરબ નાઓને આરોપીઓનો કબજો સોંપવા કરેલ યાદી રજુ કરેલ છે. તપાસ કરનાર અમલદારશ્રીએ ગેરકાયદેસર મંડળી સબંધે ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, આંક-૧૭૪ થી રજુ થયેલ સ્ટે.ડાયરીના ઉતારામાં આરોપીઓના નામ જાહેર થયેલા નથી. વધુમાં તપાસ કરનાર અમલદારશ્રીએ તે સવાલનો નકારમાં જવાબ આપેલો છે કે,'તેઓએ આરોપીઓ નટીયો, બુજી,દીલુ, બગી અને લાભુને એટલા માટે અટક કરેલા નથી કે તેઓની સામે પુરાવા એકત્રીત કરવાના બાકી હતા. વધુમાં તપાસ કરનાર

અમલદારશ્રીએ સ્વીકારેલ છે કે, સાહેદ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ તેમની રુબરુના નીવેદનમાં એવું લખાવેલ નથી કે, ''રાત્રીના સાડા આઠ વાગ્યાના સમયે મારો દીયર શ્રવણ તથા તેની પત્ની ગીતા તેમજ ભોદુ, ચીંગુ અને અગો ખીચડી ખાતા હતા સમયે લાભુ,બચુ અને અન્ય છ સાત જણા આવેલા અને લાભુ અને બચુએ મારા દીયરના માથાના પાછળના ભાગે ઘા મારેલ અને તે ઘા ટામી અને પાઈપથી મારેલા.તેથી હું દોડીને ગયેલ ત્યારે લાભુ અને બચુ બન્ને ભાગી ગયેલા.'' આ સીવાય ઉલટતપાસમાં ગેરકાયદેસર મંડળી સબંધે તપાસ કરનાર અમલદારશ્રીને કોઈ સવાલ પુછવામાં આવેલ નથી.

(૧૧.૬) હવે સદર કામે કોર્ટ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧ ઈકબાલ અબ્દુલ્લા આરબની આંક-૨૧૨ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સદર ગુનાના કામે વસ્ત્રાપુર પો.સ્ટે. અમદાવાદ તરફથી પી.એસ.ઓ. નાઓને ટેલીફોન વર્ધી ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ખાતે આવેલ, તેમાં જણાવ્યા મુજબ આરોપી દીલુ ઉર્ફે હરેશ વીરજી દેવીપુજક નાઓને સી.આર.પી.સી. કલમ-૪૧(ડી) મુજબ અટક કરેલી છે. જે સબંધે તા.૮-૮-૧૬ ના રોજ આરોપીનો કબજો મેળવી તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળોતરીયાને સોંપી આપેલો. તેમજ આંક-૧૫૯ થી એરેસ્ટ મેમો, આંક-૧૬૦ થી ટેલીફોન વર્ધી તથા આંક-૧૬૧ થી આરોપીનો કબજો સોંપ્યા બાબતેની યાદી રજુ કરેલ છે.

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ માં સદર સાહેદે સ્વીકારેલ છે કે, તપાસ કરનાર અધિકારીને આરોપીનો કબજો સોંપ્યો તે સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી. તેમજ તપાસ કરનાર અધિકારીએ આ આરોપી સબંધે શું કાર્યવાહી કરેલી તેની તેમને ખબર નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે સ્વીકારેલ છે કે, આરોપીનો કબજો મેળવી પી.એસ.ઓ. ને જાણ કરી રજીસ્ટરમાં નોંધ કરેલી તેમજ સ્ટે.ડાયરીમાં નોંધ કરેલાનું જણાવેલ છે તથા આંક–૨૧૩ થી સ્ટે.ડાયરીની ખરી નકલ રજુ કરેલી છે.

(૧૧.૭) હવે સદર કામે ગેરકાયદેસર મંડળી સબંધે આંક–૨૧૩ ની સ્ટે. ડાયરીની નોંધ નં.૩ ધ્યાને લઈએ તો, ''અત્રે વખતે હે.કો. બ.નં.૧૫૨૦ તથા પો.કો. ૨૦૭૭ વાળો I.૯૯/૧૬ ઈ.પી.કો.–૩૦૨ વિ. ના કામે આરોપીનો કબજો મેળવવા વસ્ત્રાપુર પો.સ્ટે. અમદાવાદ જવા રવાના થતા નોંધ કરી છે.''

હવે સદર કામે ગેરકાયદેસર મંડળી સબંધે આંક–૨૧૩ ની સ્ટે.ડાયરીની નોંધ નં.૧૬ ધ્યાને લઈએ તો,''અત્રે વખતે ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ૯૯/૧૬ I. ૯૯/૧૬ ઈ.પી.કો.–૩૦૨ વિ. ગુના કામે અન્ય બીજા આરોપી કે જે અમદાવાદ મુકામે રહેતા હોય જેમાં દીલુ ઉર્ફે હરેશ વીરજી દેવીપુજક રહે. થલતેજ ચાર રસ્તા અમદાવાદ વાળાને વસ્ત્રાપુર પો.સ્ટે. માં તા.૭–૮–૧૬ ના રોજ કલાક ૨૨.૦૦ સી.આર.પી.સી. કલમ–૪૧(૧)(એ) મુજબ પકડેલ હોય, વસ્ત્રાપુર પો.સ્ટે. તરફથી કલાક ૨૩.૩૦ વાગ્યે ટેલીફોનીક સંદેશો

આવેલ. આ બાબતે પી.એસ.ઓ. હે.કો. બાબુભાઈએ અમને જાણ કરતા કબજો લેવા યુ.એચ.સી. ઈકબાલભાઈને અમદાવાદ મોકલવા જણાવેલ. જેથી શકદારનો કબજો લઈ આજરોજ યુ.એચ.સી. ઈકબાલભાઈ પો.સ્ટે. આવેલ. શકદારની પુછપરછ દરમ્યાન આ ગુનામાં પોતે તથા તેમનો ભાઈ બુજી તથા બનેવી નટીયો વગેરે નિર્દોષ હોવાનું મરણજનાર શ્રવણ તેમની સગી ફોઈના દીકરા હોવાનું અને તેમની બેન રાધુનું આ લોકોએ અપહરણ કરી તેની સાથે બળાત્કાર કરેલ હોવાનું કુચુ ઉર્ફે વિજય વિ. વિરુધ્ધ લખતર પો.સ્ટે. માં સને–૨૦૧૫ ની સાલમાં ફરીયાદ કરેલ જેનું મનદુ:ખ રાખી તેમના નામ આરોપી તરીકે આપેલ હોવાની હકીકત જણાવતો હોય, જેથી તેમનું વિગતવારનું નીવેદન લેવાયેલ. આવા ગંભીર પ્રકારના ગુનામાં પુરાવા એકત્ર કર્યા વગર ધરપકડ કરવી હિતાવહ ન હોય જેથી આ બાબતે પો.ઈ. ની સાથે ટેલીફોનીક ચર્ચા કરી શકદાર તથા અન્ય શકદારો વિરુધ્ધ પુરાવા એકત્ર કરવા અન્ય બીજા શકદારોને પણ બોલાવવા તજવીજ કરી જેની નોંધ કરી. ''

(૧૧.૮) આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવો તથા કોર્ટ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧ ઈકબાલ અબ્દુલ્લા આરબની આંક–૨૧૨ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને રાખી સૌપ્રથમ ગેરકાયદેસર મંડળીની વ્યાખ્યા ઉપર નજર કરીએ તો, ઈ.પી.કો. કલમ–૧૪૧ માં દર્શાવેલ છે જે નીચે મુજબ છે.

**ઈ.પી.કો. કલમ–૧૪૧ ગેરકાનુની મંડળી:–**

પાંચ કે તેથી વધુ વ્યકિતઓની મંડળીને ''ગેરકાનુની મંડળી''

કહેવાશે, જો મંડળી રચનાર વ્યકિતોઓનો સામાન્ય હેતુ–

પહેલો: કેન્દ્ર અથવા કોઈ રાજય સરકાર પર અથવા સંસદ અથવા કોઈ રાજયના વિધાનમંડળ પર અથવા જાહેર નોકરની હેસીયતથી પોતે કાનુની સત્તાનો અમલ કરતો હોય ત્યારે તેવા જાહેર નોકર પર ગુનાહિત બળ અથવા ગુનાહિત બળના દેખાવથી આતંક ફેલાવવાનો, અથવા

બીજો: કોઈ કાનુન અથવા કાનુની બજવણીના અમલીકરણનો સામનો કરવાનો, અથવા

ત્રીજો: કોઈ બગાડ કે ગુનાહિત અનધિકૃત પ્રવેશ અથવા અન્ય ગુનો કરવાનો, અથવા

ચોથો: કોઈ વ્યકિતને ગુનાહિત બળ અથવા ગુનાહિત બળના દેખાવ વડે કોઈ મીલકત લેવા અથવા મેળવવા અથવા કોઈ વ્યકિતને રસ્તાના અધિકારના અથવા પાણીના ઉપયોગના હકકથી અથવા અન્ય અમૂર્ત હકકો કે જેના તે કબજા કે ભોગવટામાં હોય તેના ઉપયોગથી વંચિત કરવાનો અથવા કોઈ અધિકાર કે માની લીધેલા અધિકારને સ્થાપિત કરવાનો, અથવા

પાંચમો: કોઈ વ્યકિતને તે જે ન કરવા બંધાયેલી હોય તે કરવા અથવા જે કરવા કાનુની રીતે હકકદાર હોય તે ન કરવા ગુનાહિત બળ અથવા ગુનાહિત બળના દેખાવ વડે ફરજ પાડવાનો હોય.

ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૨ માં કાયદા વિરુધ્ધની મંડળીના સભ્ય હોવા બાબતેની જોગવાઈ કરવામાં આવેલી છે જેથી સદર કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૨ પ્રથમ

ધ્યાને લેવી જોઈએ જે નીચે મુજબ છે.

**ઈ.પી.કો. કલમ–૧૪૨ ગેરકાનુની મંડળીના સભ્ય હોવું :–**

કોઈપણ વ્યકિત જે બાબત કોઈ મંડળીને કાનુન વિરુધ્ધની મંડળી બનાવે તે બાબતથી માહીતગાર હોવા છતા ઈરાદાપુર્વક તે મંડળીમાં જોડાય અથવા ચાલુ રહે તે ગેરકાનુની મંડળીની સભ્ય કહેવાય.

**ઈ.પી.કો. કલમ–૧૪૩ સજા :–**

કોઈપણ વ્યકિત, ગેરકાનુની મંડળીની સભ્ય હોય તેને છ માસ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૧૪૬ હુલ્લડના ગુનાહિત તત્વો:–**

(૧) આરોપીની સંખ્યા પાંચ કે તેથી વધુ હોવી જોઈએ અને તેથી ગેરકાયદેસર મંડળી બની હતી.

(૨) તેઓ સામાન્ય હેતુથી સભર હતા.

(૩) ગેરકાયદેસર મંડળીએ અથવા તેના કોઈ સભ્યએ તેનો સામાન્ય ઈરાદો બર લાવવા અથવા હિંસાનો ઉપયોગ કર્યો હતો.

**ઈ.પી.કો. કલમ–૧૪૭ હુલ્લડ માટે સજા:–**

કોઈપણ વ્યકિત હુલ્લડ માટે દોષીત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૧૪૮ પ્રાણઘાતક હથીયારો ધારણ કરીને હુલ્લડ :–**

કોઈપણ વ્યકિત– પ્રાણઘાતક હથીયાર ધારણ કરીને અથવા તેવી વસ્તુ જે ગુનાના હથીયાર તરીકે વપરાતી હોય અને જેનાંથી મૃત્યુ નીપજી શકે–

હુલ્લડ માટે દોષીત હોય તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**ઈ.પી.કો. કલમ–૧૪૯ ગેરકાનુની મંડળીનો પ્રત્યેક સભ્ય સામાન્ય હેતુ પાર પાડવા માટે આચરાતા ગુના અંગે દોષિત:–**

ગેરકાનુની મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે તે મંડળીના સભ્યથી કોઈ ગુનો થાય અથવા તે હેતુ પાર પાડવા માટે જે ગુનો થવાનો સંભવ હોવાનું તે મંડળીના સભ્યો જાણતા હોય તેવો ગુનો થાય તો તે થવા સમયે તે મંડળીની સભ્ય હોય તેવી પ્રત્યેક વ્યકિત તે ગુના માટે દોષિત છે.

આવશ્યક તત્વો:–

(૧) ગેરકાયદેસર મંડળીના કોઈપણ સભ્યથી કરવામાં આવેલ ગુનો.

(૨) આવો ગુનો મંડળીના સામાન્ય ઈરાદો અમલમાં લાવવા કરેલાનું હોવું જોઈએ અથવા તો એવો હોવો જોઈએ જે મંડળીના સભ્યો જાણતા હતા તે સં ભવત કરશે.

આ કલમને બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. (૧) ગેરકાયદેસર મંડળીના સભ્ય થી એ મંડળીનો સામાન્ય હેતુ પાર પાડવા માટે કરવામાં આવેલો ગુનો અથવા (૨) એવો ગુનો જે તેનો સામાન્ય હેતુ પાર પાડવાના કાર્ય દરમ્યાન કરવામાં આવે તેવી શકયતા છે તેવો ગુનો આચરે. જયારે મંડળીનો કોઈ એક સભ્ય ગુનો કરે અને તેનો સામાન્ય હેતુ પાર પાડતા બે કે તેથી વધુ સભ્યો ગુનો આચરે ત્યાં બન્ને કિસ્સાઓમાં આ કલમ સમાન રીતે લાગુ પડે છે.

(૧૧.૯) ઉપરોકત તમામ જોગવાઈઓ ઘ્યાને લેતા સૌપ્રથમ ઈ.પી. કો. કલમ–૧૪૧ માં જે ગેરકાયદેસર મંડળીની વ્યાખ્યા કરવામાં આવેલી છે તે ઘ્યાને લઈએ તો, પાંચ કે તેથી વધુ વ્યકિતઓ ગેરકાયદેસર મંડળી માટે હોવા જોઈએ, તે સદર કલમની પ્રથમ અને પાયાની જરૂરીયાત છે અને તે તમામનો ઈરાદો કોમન હોવો જોઈએ અને તેઓ ગુનાહિત માનસ સાથે ગેરકાયદેસર કૃત્ય કરવા માટે ભેગા થયેલા હોવા જોઈએ. સદર હકીકતો ઈ.પી.કો. કલમ–૧૪૧ માં કરેલ ગેરકાયદેસર મંડળીની વ્યાખ્યા ઉપરથી તારવી શકાય તેમ છે.

(૧૧.૧૦) આ હકીકતો નજર સમક્ષ રાખીને હાથ ઉપરના કેસમાં ગેરકાયદેસર મંડળી સબંધે રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ફરીયાદી આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં બચુ, નટીયો તથા અન્ય લોકો આવેલા તેમ જણાવે છે. કેટલા લોકો આવેલા તે સબંધે ફરીયાદી સોગંદ ઉપરની જુબાનીમાં કોઈ જ હકીકત જણાવતા નથી. જયારે આંક–૫૬ ની ફરીયાદમાં ફરીયાદી નટીયો, બુજી તથા બીજા દસેક જણા આવેલ હોવાનું જણાવે છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરેશભાઈ દેવીપુજક આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ, બચુ, નટીયો, દીલુ, બુજી અને બીજા ૮–૯ લોકો આવેલા તેમ જણાવે છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ, બચુ અને અન્ય છ–સાત જણા આવેલા તેમ જણાવે છે. જયારે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૨૨ સુરેશભાઈ દેવીપુજક આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ,

બચુ સાથે અન્ય ૫–૬ જણા આવેલા તેમ જણાવે છે. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી સીવાયના ત્રણેય સાહેદો લાભુ, બચુ સાથે અન્ય ૫–૬ જણા તથા વધુ વ્યકિતઓ આવેલ તેવી હકીકત જણાવે છે. પરંતુ સદર સાહેદોએ અન્ય આરોપીઓ પાસે શું હથીયાર હતા તે સબંધે તેમજ તેઓએ મરણજનારને કોઈ ઈજા પહોંચાડેલ હોય તે સબંધે લેશમાત્ર પુરાવો કોર્ટ રુબરુ પુરો પાડેલો નથી. એટલું જ નહીં, ફકત સાહેદ નં.૧૩ અગો સુરેશભાઈ દેવીપુજક નાઓએ આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં અન્ય આરોપીઓના નામો લાભુ, બચુ, નટીયો, દીલી બુજી અને બીજા ૮–૯ જણા આવેલા તેમ જણાવે છે. જયારે અન્ય કોઈપણ સાહેદે બનાવ વખતે ગેરકાયદેસર મંડળીના અન્ય સભ્યોના નામો સુધ્ધા જણાવેલા નથી. તેમજ ગેરકાયદેસર મંડળીની મહત્વની શરતો મુજબ સામાન્ય ઈરાદો પાર પાડવા માટે આરોપીઓ ભેગા થયેલા હોય તે સબંધે ઉપરોકત કોઈપણ સાહેદે લેશમાત્ર હકીકત જણાવેલી નથી. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ગેરકાયદેસર મંડળીના આરોપી લાભુ અને બચુ સીવાય અન્ય આરોપીઓના નામો પણ જણાવેલા નથી.

(૧૨) એટલું જ નહીં, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૧ ના ચાર્જશીટમાં હાલના બન્ને આરોપીઓ લાભુભાઈ ભીખુભાઈ દેવીપુજક તથા બચુભાઈ કારાભાઈ દેવીપુજકના નામો કોલમ નં.૧૧ માં જણાવેલા છે. જયારે અન્ય આરોપીઓના નામો કોલમ નં. ૧૨(૧) માં (૧) નટીયા મુલસીંગ (૨) બુજી વીરજી (૩) દીલુ વીરજી (૪) બગી છગન (૫) લાભુ લાલજી ના નામો જણાવેલા છે. તેમજ ચાર્જશીટના કોલમ નં.૧૨ (૧)(xiii) વાળા કોલમમાં ''આરોપીનો દરજ્જો/પોલીસ જામીન ઉપર છોડયો/ કોર્ટ જામીન પર છોડયો/ અદાલત કસ્ટડીમાં/ફરારી જાહેર કરેલ

ગુનેગાર પકડાયેલ નથી. નોંધ:– આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરવાના બાકીમાં છે'' તેમ જણાવેલ છે. આમ, ચાર્જશીટના કોલમ નં. ૧૨(૧)(xiii) ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, સદર પાંચ આરોપીઓ (૧) નટીયા મુલસીંગ (૨) બુજી વીરજી (૩) દીલુ વીરજી (૪) બગી છગન (૫) લાભુ લાલજી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ ફાઈલ કરતી વખતે તપાસ કરનાર અમલદારશ્રીએ ''પુરાવા એકત્ર કરવાના બાકીમાં છે'' તેવું જણાવેલ છે, સદર પાંચેય આરોપીઓને ફરારી કે ભાગેડુ દર્શાવવામાં આવેલા નથી. આરોપી તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, જયારે આ પાંચ આરોપીઓ સામે પુરાવો જ એકત્ર કરવાનો બાકી છે ત્યારે ગેરકાયદેસર મંડળી બનતી નથી. આરોપી તરફેના વિ.વ.શ્રીની આ દલીલને તપાસ કરનાર અમલદારશ્રીએ આંક–૧૫૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં નકારમાં જવાબ આપેલ છે. પરંતુ એ હકીકત માનવાને પાત્ર છે કે, સદર પાંચ આરોપીઓ વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકીમાં છે, તેવું સ્પષ્ટપણે ચાર્જશીટમાં જણાવેલ છે, જયારે તેઓને ફરારી કે ભાગેડુ જાહેર કરવામાં આવેલા નથી. તેનો અર્થ એ થાય કે, સદર પાંચ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરતી વખતે તપાસ કરનાર અમલદાર પાસે પુરાવો ઉપલબ્ધ ન હતો.

(૧૨.૧) વધુમાં કોર્ટ તરફે તપાસવામાં આવેલ આંક–૨૧૨ ના સાહેદ ઈકબાલ અબ્દુલ્લા આરબ નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૧૩ ની સ્ટે.ડાયરીની નોંધ રજુ કરેલી છે, જે સ્ટે.ડાયરીની નોંધનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, આરોપી દીલુ વીરજીને વસ્ત્રાપુર પો.સ્ટે. અમદાવાદ ખાતે હાલના ગુનાના કામે અટક કરતા ટેલીફોન વર્ધીના આધારે ગાંધીધામ ''બી'' ડીવી.

પો.સ્ટે.માં જાણ કરતા દીલુ વીરજીનો કબજો અત્રેની ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે. ખાતે રજુ કરેલ છે, અને તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળોતરીયા નાઓને સોંપી આપવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદની સોગંદ ઉપરની જુબાની ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, આરોપીને અટક કર્યા બાબતનો અટક મેમો આંક–૧૫૯ થી, ટેલીફોન વર્ધી આંક–૧૬૦ થી રજુ છે, જે ઓળખી બતાવેલ છે. સદર સાહેદ ઈકબાલ અબ્દુલા આરબે ઉલટતપાસ દરમ્યાન આંક–૨૧૩ થી રજુ કરેલ સ્ટે.ડાયરીનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો તેના ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, વસ્ત્રાપુર પો.સ્ટે. તરફથી પકડાયેલ આરોપીનો કબજો હે.કો. ઈકબાલ અબ્દુલા આરબ નાઓને સોંપતા તેની પુછપરછ દરમ્યાન આરોપી દીલુ ઉર્ફે હરેશ વીરજી દેવીપુજક નાઓએ જણાવેલ છે કે, આ ગુનામાં પોતે તથા તેમનો ભાઈ બુજી અને બનેવી નટીયો વિગેરે નિર્દોષ હોવાનું તથા મરણજનાર શ્રવણ તેમની સગી ફોઈનો દીકરો હોવાનું અને તેમની બહેન રાધુને આ લોકોએ અપહરણ કરી તેમની સાથે બળાત્કાર કરેલ હોવાનું કુચુ ઉર્ફે વિજય વિગેરે વિરુધ્ધ લખતર પો.સ્ટે.માં સને–૨૦૧૫ ની સાલમાં ફરીયાદ કરેલ જેનું મનદુ:ખ રાખી તેમના નામો આરોપી તરીકે આપેલ હોવાની હકીકત જણાવેલ હોય જેથી સદર આરોપીનું વિગતવારનું નીવેદન લઈ એક ગંભીર પ્રકારના ગુનામાં પુરાવા એકત્ર કર્યા વગર ધરપકડ કરવી હિતાવહ ન હોય આ બાબતે પી.આઈ. સાથે ટેલીફોનીક ચર્ચા કરી શકદાર તથા શકદારો વિરુધ્ધ પુરાવા એકત્ર કરવા અન્ય બીજા શકદારોને પણ બોલાવી તજવીજ કરી જેની નોંધ કરી. આમ, સદર સ્ટે. ડાયરીની નોંધ ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, સદર

ગુનાના અન્ય આરોપી કે જેનું નામ ચાર્જશીટના કોલમ નં.૧૨(૧)(xiii) માં નામ દર્શાવેલા છે તેવા દીલુ ઉર્ફે હરેશ વીરજી દેવીપુજક નાઓને વસ્ત્રાપુર પો.સ્ટે.માં અટક કરતા તેનો કબજો હે.કો. ઈકબાલ અબ્દુલા આરબ દવારા મેળવી તેનો કબજો ગાંધીધામ ''બી'' ડીવી. પો.સ્ટે.માં લેખીતમાં તેનું નીવેદન નોંધી જે તે વખતના તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધ પુરાવા એકત્ર કરવાનો બાકી હોય તેને અટક કરવામાં આવેલ નથી. તેમજ અન્ય આરોપીઓ વિરુધ્ધ પણ પુરાવો એકત્ર કરવાનો બાકી હોય જેની નોંધ આંક–૨૧૩ થી રજુ થયેલ સ્ટે.ડાયરીના ઉતારામાં કરવામાં આવેલી છે. આમ, જયારે સદર ગુનાના કામે અન્ય આરોપીઓ સામે પુરાવો એકત્ર કરવાનો બાકી છે તેવું ચાર્જશીટના કોલમ નં.૧૨(૧)(xiii) માં જણાવેલ હોય તેમજ સદર આરોપીઓને ફરારી કે ભાગેડુ દર્શાવેલા ન હોય તથા આંક–૨૧૩ ની સ્ટે.ડાયરીની નોંધ ઉપર એ હકીકત પુરવાર થતી હોય, અન્ય આરોપીઓ સામે પુરાવો એકત્ર કરવાનો બાકી છે ત્યારે ગેરકાયદેસર મંડળી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વધુમાં ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય સાહેદો સદર ગુનાના અન્ય આરોપી વિરુધ્ધ પુરાવો પડતો ન હોય ત્યારે તેમજ એકસમાન ઈરાદા સાથે આરોપીઓ આવેલા હોય તેવો પુરાવો પુરો પડતો ન હોય ત્યારે ફરીયાદપક્ષ ગેરકાયદેસર મંડળી પુરવાર કરી શકેલ નથી.

(૧૩) ગેરકાયદેસર મંડળીનો ઉદેશ અથવા ઈરાદો સમાન હતો કે કેમ? ઉદેશ અને ઈરાદો ગેરકૃત્યનો હતો કે કેમ? તે હકીકત નજરમાં રાખી હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવો ઘ્યાને લઈએ તો, આરોપીઓ બનાવવાળી જગ્યાએ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે આવેલા હોય તેવી કોઈ હકીકત કોઈપણ સાહેદે જણાવેલી નથી. વધુમાં

આરોપી લાભુ અને બચુ સીવાય અન્ય આરોપીઓ કોણ હતા, કોના હાથમાં શું પ્રાણઘાતક હથીયાર હતું અને તેઓને ઈરાદો શું હતો તે બાબતે કોઈપણ સાહેદે અત્રેની અદાલત રુબરુ કોઈ પુરાવો પુરો પાડેલ નથી. આમ, ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, આરોપીઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પ્રાણઘાતક હથીયાર સાથે સજજ થઈ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે મરણજનાર ઉપર પ્રાણઘાતક હથીયારો વડે હુમલો કરેલ હોવાનું પુરવાર કરી શકેલ નથી.

(૧૩.૧) એટલું જ નહીં, પરંતુ જયાં સુધી ગુનાહિત મંડળીના સભ્યોની સાથે સમાન ઈરાદો અને સાથે સમાન હેતુનો સવાલ છે તે જોવામાં આવે તો, ફરીયાદપક્ષે એ હકીકત પણ પુરવાર કરવી પડે કે આરોપી માત્ર ગુનાહિત મંડળીનો સભ્ય જ ન હતો પરંતુ તેનો હેતુ સમાન હતો અને હેતુની તેને જાણકારી હતી અને એ હકીકત બાબતે પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે ખુબજ બારીકાઈથી પડેલ તમામ પુરાવાનો નિષ્કર્ષ કરવો જોઈએ. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આરોપીઓનું ગુનાહિત માનસ, તેની માનસીક સ્થિતિ આ તમામ હકીકતને પણ નજર સમક્ષ રાખવા જોઈએ તો જ વાઈકોરીયસ લાયાબીલીટી નો સિધ્ધાંત પુરવાર થયેલ હોવાનું કહી શકાય અને તો જ ઈ.પી.કો. કલમ–૧૪૯ ના તત્વો પુરવાર થયેલાનું માની શકાય. તે હકીકત બાબતે પડેલ પુરાવાનો અભ્યાસ કરતા બનાવના સમયે અને સ્થળે સાહેદોના જણાવ્યા મુજબ બે આરોપીઓ સીવાય અન્ય કોઈ આરોપીની હાજરી જણાઈ આવતી નથી. તેમજ ચાર્જશીટના કામે પણ અન્ય આરોપીઓને નાશતા ફરતા કે ભાગેડુ તરીકે દર્શાવેલા નથી પરંતુ આરોપીઓ વિરુધ્ધ પુરાવો એકત્ર કરવાનો બાકી છે તેમ જણાવેલ છે. આમ, ઉપરોકત

ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે, તમામ આરોપીઓનો ઈરાદો એકસમાન હતો અને પોતાનો ઈરાદો પાર પાડવા માટે એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પ્રાણઘાતક હથીયાર ધારણ કરી ગુજરનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજક ઉપર હુમલો કરેલ છે. આમ, ફરીયાદપક્ષ મુદા નં.ર અન્વયે ગેરકાયદેસર મંડળી હોવાની બાબત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય, મુદા નં.ર નો જવાબ નકારમાં ઠરાવું છું.

(૧૪) **<u>મુદા નં.3:–</u>**

ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું, બન્ને પક્ષ તર્ફેના વિ.વ.શ્રીની દલીલો સાથે પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો, તેમજ આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રજૂ કરેલ ચુકાદાઓ સાથે પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો સદર કામે ઉપરોકત મુદ્દા નં. ૧ માં ચર્ચા કરી તે અનુસાર મરણજનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યું સાપરાઘ મનુષ્ય વઘ છે. પરંતુ ઉપરોકત મુદા નં.ર માં ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે બનાવ વખતે આરોપીઓ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે એકસંપ થઈ આવેલ હતા અને મરણજનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યુ નીપજાવેલ હતું. સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, મરણજનાર શ્રવણભાઈ ધીરુભાઈ દેવીપુજકનું મૃત્યુ કુદરતી નહીં પરંતુ સાપરાઘ મનુષ્ય વઘ છે. આવા સંજોગોમાં હવે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો શું આ કામના આરોપીઓએ સદર મનુષ્યવઘ કરેલ છે કે કેમ? તે જોવાનું રહે છે.

હવે ફરિયાદપક્ષ તર્ફે રજૂ થયેલ ઉપરોકત તમામ પુરાવાઓની ચર્ચા કરતા પહેલા સદર કામે એ હકીકત નોંધવી જરૂરી છે કે, પુરાવાની વિસંગતતા વખતે કોર્ટે ધી એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૧ ના સિધ્ધાંતો નજર સમક્ષ રાખવાના હોય છે. ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે, અને ફરિયાદપક્ષ જે હકીકત લઈને કોર્ટ સમક્ષ આવે છે, ત્યારે અને તેવા સંજોગોમાં તે હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષના શીરે રહેલો છે. તેવું ધી એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૧ માં પ્રસ્થાપિત કરેલ છે. જો કે, એવીડન્સ એકટની કલમ–૧૦૬ ની જોગવાઈ તે આ સિધ્ધાંતને અપવાદ ગણી શકાય.

ઉપરોકત જોગવાઈઓની સાથે સાથે ક્રિમીનલ જયુરિસ્પ્રુડેન્સના પ્રસ્થાપિત સિધ્ધાંત પણ નજર સમક્ષ રાખવાના હોય છે. જે નીચે મુજબ છે.

– ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે.

– જયાં સુધી ફરિયાદપક્ષના પુરાવામાંથી બે અભિપ્રાય ફલિત થતા હોય, ત્યારે હંમેશા આરોપીની તરફેણના અભિપ્રાયને પ્રાધાન્ય આપવાનું છે.

– શંકા ગમે તેટલી મજબુત હોય, પરંતુ તે પુરાવાનું સ્થાન ન લઈ શકે.

ક્રિમીનલ જયુરિસ્પ્રુડેન્સના ઉપરોકત ત્રણેય માર્ગદર્શક સિધ્ધાંતો, તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ધી એવીડન્સ એકટ ૧૮૭૨ ની કલમ–૧૦૧ ના સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ની જોગવાઈ તથા તેના

આવશ્યક તત્વોને નજર સમક્ષ રાખી હાથ પરના કિસ્સામાં રજૂ થયેલ પુરાવાઓનું પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો –

આ કામે ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ ઉપરોકત કુલ્લે ૨૪ સાહેદોની સોગંદ ઉપર જુબાની થયેલી છે. જે પૈકી બનાવ નજરે જોનાર સાહેદો તરીકે ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ સાહેદો જોઈએ તો –

સાહેદ નં. ૧૨ આંક–૫૫ થી ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજકને તપાસેલા છે.

સાહેદ નં. ૧૩ આંક–૯૯ થી સાહેદ અગો સુરજભાઈ દેવીપુજકને તપાસેલા છે.

સાહેદ નં. ૧૪ આંક–૧૧૦ થી સાહેદ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજકને તપાસેલા છે.

સાહેદ નં. ૨૨ આંક– ૧૫૫ થી સાહેદ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજકને તપાસેલા છે.

આમ, ફરિયાદપક્ષના કેસ મુજબ ઉપરોકત ચારેય સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો છે, અને ફરિયાદપક્ષના કેસ મુજબ તેઓની હાજરી બનાવવાળા સ્થળે હોવાનું ફરિયાદપક્ષનું કહેવું છે.

(૧૫) સદર કામે બન્ને આરોપીઓ વિરુધ્ધ પડેલ પુરાવાનું જુદું મુલ્યાંકન કરેલ છે, આવા સંજોગોમાં આરોપી નં.૧ લાભુભાઈ ભીખુભાઈ દેવીપુજક સામે પડેલ પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

(૧૫.૧) ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજકની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાની ધ્યાને લઈએ તો તેમાં તેઓએ બચુ તથા નટીયો હથીયાર પાઈપ લઈ આવેલા અને બચુ તથા નટીયાએ માથામાં પાઈપ મારેલો તેમજ જણાવેલ છે. તેમજ આંક–૫૬ ની ફરીયાદમાં નટીયો તથા બુજી તથા બીજા દસેક જણા આવેલા તેમ જણાવેલ છે. જયારે મુદામાલ હથીયારની ઓળખ સબંધે ફરીયાદી બાઈએ સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બચુના હાથમાં લોખંડની ક્રોષ હતી અને નટીયાના હાથમાં લોખંડની પાઈપ હતી. ફરીયાદી બાઈએ આરોપી બચુ તથા નટીયો આવેલા તેવું સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. તેમજ આંક–૫૬ ની ફરીયાદમાં નટીયો તથા બુજી આવેલાનું જણાવેલ છે. પરંતુ સદર ગુનાના કામે આરોપી નં.૧ લાભુભાઈ ભીખુભાઈ દેવીપુજક સબંધે લેશમાત્ર હકીકત જણાવેલી નથી. જયારે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ, બચુ, નટીયો, દીલુ, બુજી તથા ૮–૯ લોકો આવેલા તેમ જણાવેલ છે. તથા લાભુએ માથામાં ઘા મારેલ અને બચુના હાથમાં ધોકા જેવું હતું તેના વડે મારા પિતાને મારેલ તેમ જણાવેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલબીને સુરેશભાઈ દેવીપુજક નાઓએ આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ, બચુ તથા અન્ય ૬–૭ જણા આવેલા અને લાભુ, બચુએ તેમના

દીયરના માથામાં પાછળના ભાગે ટામી તથા પાઈપથી મારેલ તેમ જણાવેલ છે. મુદામાલ હથીયારની ઓળખ સબંધે સદર સાહેદે જણાવેલ છે કે, ટામી લાભુના હાથમાં હતી અને લોખંડનો પાઈપ બચુના હાથમાં હતો. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ તથા બચુ સાથે અન્ય ૫–૬ જણા આવેલા અને લાભુ તથા બચુએ તેમના ભાઈ શ્રવણને માથાના પાછળના ભાગે મારેલ તેમ જણાવેલ છે. મુદામાલ હથીયારની ઓળખ સબંધે સદર સાહેદે જણાવેલ છે કે, લાભુના હાથમાં પાઈપ હતી અને બચુના હાથમાં કોષ હતી.

(૧૫.૨) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૮ નાયબ મામલતદારશ્રી સતીષભાઈ હરીભાઈ અભાણી નાઓને આંક–૧૩૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ રુબરુ આરોપીઓની આઈ.ડી. પરેડ કરવામાં આવેલી છે, તેમજ આરોપીઓની આઈ.ડી. પરેડનું પંચનામું આંક–૪૮ થી રજુ થયેલ છે. નાયબ મામલતદારશ્રીએ પોતાની આંક–૧૩૧ ની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓની ઓળખ પરેડ કરવા માટે તેમની રુબરુ લઈ આવેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે, પરંતુ સરતપાસની હકીકતોમાં જણાવેલ છે કે, આરોપી નં.૨ ને તેમની ચેમ્બરમાં બોલાવવામાં આવેલ અને તેનું નામ પુછતા તેણે પોતાનું નામ બચુ કારા દેવીપુજક હોવાનું તથા ફરીયાદી બાઈએ આરોપી નં.૨ ને ઓળખી બતાવેલ હોવાનું જણાવેલ છે.

જયારે બીજી વખત આરોપી નં.ર ને વેશપલટો કરી આવવાનું કહી ફરીથી ડમી આરોપીઓ વચ્ચે ઉભા રહેવાનું કહેતા ફરીયાદી બાઈએ આરોપીને પુન: ઓળખી બતાવેલ છે. આમ, નાયબ મામલતદારશ્રીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી નં.ર બચુ કારા દેવીપુજકને ફરીયાદીએ ઓળખી બતાવેલ હોવા સબંધે સમર્થન પુરુ પાડેલ છે. પરંતુ આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકને આઈ.ડી. પરેડની કાર્યવાહીમાં ફરીયાદીએ ઓળખી બતાવેલ હોય તેવી કોઈ જ હકીકત પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી.

(૧૫.૩) હવે સદર કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૪૮ ના ઓળખ પરેડના પંચનામાનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ આંક–૪૭ ના પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા છે. તેઓએ આંક–૪૮ ના પંચનામાની હકીકતને સમર્થન પુરુ પાડેલ નથી. પરંતુ નાયબ મામલતદારશ્રીએ આંક–૧૩૧ ની સોગંદ ઉપરની જુબાનીમાં સદર પંચનામું તેઓની રુબરુ થયેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. તે જ રીતે સદર કામે ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓને પોલીસ પકડી લેતા તેમને મામલતદારમાં બોલાવવામાં આવેલા અને ત્યાં આરોપીઓને વારાફરતી હાથ પકડીને ઓળખી બતાવેલા તેમ જણાવે છે. આમ, ફરીયાદી બાઈએ સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીઓને મામલતદારશ્રી રુબરુ

ઓળખી બતાવેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર સોગંદ ઉપરની જુબાનીમાં કયાંય બનાવ વખતે આરોપી લાભુનું નામ જણાવેલ નથી કે આંક–૫૬ ની ફરીયાદમાં પણ આરોપી લાભુ નું નામ જણાવેલ નથી. તે જ રીતે નાયબ મામલતદારશ્રીએ આંક–૧૩૧ ની સોગંદ ઉપરની જુબાનીમાં ફકત આરોપી નં.૨ બચુ કારા દેવીપુજકની ઓળખ સબંધે જુબાની આપેલ છે. જયારે આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકને ફરીયાદી દવારા ઓળખ કરવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી નથી. આવા સંજોગોમાં ફરીયાદી તથા નાયબ મામલતદારશ્રીની સોગંદ ઉપરની જુબાની ઉપરથી આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજક સબંધે શંકારહિત પુરાવો રેકર્ડ ઉપર ફરીયાદપક્ષ લાવી શકેલ નથી. આ તબકકે એ પણ ચર્ચા કરવી મહત્વની છે કે, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં, ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં તથા ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ વખતે લાભુ હાજર હોવાનું જણાવેલ છે, પરંતુ લાભુના હાથમાં હથીયાર સબંધે ફરીયાદીની સોગંદ ઉપરની જુબાનીમાં તથા સદર ત્રણેય સાહેદોની સોગંદ ઉપરની જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે. ફરીયાદપક્ષની એ જવાબદારી છે કે, તેઓએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. હાથ

ઉપરના કેસમાં ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકની હાજરી સબંધે ચારેય સાહેદોની સોગંદ ઉપરની જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે.

(૧૫.૪) હવે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૧૭૧ ના એફ.એસ.એલ. ના બાયોલોજી અને સીરોલોજી વિભાગના પરીક્ષણ અહેવાલનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર કામે આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકે બનાવ વખતે પહેરેલ કપડા (૧) ગુલાબી કલરનો લાઈનીંગવાળો આખી બાયનું શર્ટ નુમના બી–૧ થી તથા (૨) એક રાખોડી રંગની પેન્ટ નમુના બી–૨ થી આંક–૪૦ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ છે. પરંતુ આંક–૧૭૧ ના બાયલોજી અને સીરોલોજી વિભાગના પરીક્ષણ અહેવાલમાં આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકના સદર શર્ટ તથા પેન્ટ ઉપર કોઈપણ પ્રકારના રુધીરની હાજરી જણાઈ આવેલી નથી તેવો અભિપ્રાય આપવામાં આવેલ છે, જેના ઉપરથી પણ એ હકીકત શંકારહિત પુરવાર થતી નથી કે બનાવ વખતે આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજક હાજર હતા. આમ, આંક–૧૭૧ ના એફ.એસ.એલ. ના બાયોલજી તથા સીરોલોજી વિભાગના પરીક્ષણ અહેવાલમાં આરોપી નં.૧ ના કપડા ઉપર રુધીરની હાજરી જણાવેલી નહી તેનો લાભ આરોપી નં.૧ ને મળવાપાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૫.૫) આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, સદર કામે આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકની હાજરી સબંધે ફરીયાદી

પોતાની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં કોઈ હકીકત જણાવેલી નથી. તેમજ આંક–૫૬ ની ફરીયાદમાં પણ આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકનું નામ જણાવેલ નથી કે તેની પાસે કોઈ હથીયાર હોવા સબંધે પણ કોઈ જ હકીકત જણાવેલી નથી. જયારે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ આંક–૯૯ ના સાહેદ અગો સુરજભાઈ દેવીપુજક, આંક–૧૧૦ ના સાહેદ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક તથા આંક–૧૫૫ ના સાહેદ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકની હાજરી સબંધે ફરીયાદની જુબાની સાથે વંચાણે લેતા મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે, જેનો લાભ આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકને મળવાપાત્ર છે. તે જ રીતે ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આંક–૧૩૧ થી તપાસવામાં આવેલ નાયબ મામલતદારશ્રીએ પણ આંક–૪૮ ના આઈ.ડી. પરેડના પંચનામાની કાર્યવાહી દરમ્યાન આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજકને ફરીયાદીએ ઓળખી બતાવેલ હોય તેવી કોઈ હકીકત સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ નથી તેમજ આંક–૧૭૧ ના એફ.એસ.એલ. ના પરીક્ષણ અહેવાલમાં પણ આરોપી નં.૧ ના બનાવ વખતે પહેરેલ કપડા ઉપર લોહીની હાજરી જણાઈ આવેલ નથી. આવા સંજોગોમાં શંકારહિત ફરીયાદપક્ષ આરોપી નં.૧ સામે ગુનાની હકીકત પુરવાર કરી શકેલ ન હોય તેનો લાભ આરોપી નં.૧ ને મળવાપાત્ર છે તેવું અત્રેની અદાલતનું માનવું છે.

(૧૬) **<u>આરોપી નં.ર સબંધે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો:–</u>**

હવે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાનું આરોપી નં.ર વિરુધ્ધ પડેલ પુરાવા સબંધે પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો તે નીચે મુજબ છે.

(૧૬.૧) **<u>તારીખ અને સમય :–</u>**

સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ તા.૧૩–પ–ર૦૧૬ ના રોજ રાત્રીના ૮.૦૦ કલાકે બનેલો છે. આ કામના ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ આંક–પપ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ બે વર્ષ પહેલા આઠેક વાગ્યે બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં રાત્રીના પોણા આઠેક વાગ્યના સમયે તેઓ ખીચડી ખાવા બેઠા હતા ત્યારે બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ ર૦૧૬ ના પાંચમાં મહીનામાં બનેલો તેમજ રાત્રીના સાડા આઠ વાગ્યાના સમયે તેમનો દીયર શ્રવણ, તેની પત્ની તેમજ ભોંદો, ચુંગી, અગો ખીચડી ખાતા હતા તે સમયે બનેલ હોવાની હકીકતને સોગંદ ઉપરની જુબાનીમાં સમર્થન પુરુ પાડેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.રર સુરજ ધીરુભાઈ દેવીપુજક નાઓએ પણ આંક–૧પપ ની સોગંદ ઉપરની

જુબાનીમાં રાત્રીના પોણા આઠેક વાગ્યાના સુમારે તેઓ ચા લેવા ગયેલા ત્યારે તેમના ભાઈ શ્રવણના છાપરામાં દેકારો થતા તેમની પત્ની ભુલીબેન ત્યાં ગયેલા અને ત્યારપછી તેઓ પણ ગયેલા તેમ જણાવેલ છે. તે જ રીતે ફરીયાદી બાઈએ પોતાની આંક–૫૬ ની ફરીયાદમાં પણ બનાવ આઠ વાગ્યાના સુમારે બનેલ હોવાની હકીકતને સ્પષ્ટપણે સમર્થન પુરુ પાડેલ છે. તેમજ આરોપી તરફે સદર ચારેય સાહેદોની બનાવની તારીખ કે સમય સબંધે કોઈ મહત્વની ઉલટતપાસ કરવામાં આવેલી નથી કે કોઈ મહત્વની વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ નીવડેલ છે કે, બનાવ તા.૧૩–૫–૧૬ ના રોજ રાત્રીના આઠ વાગ્યે બનેલ હતો.

(૧૭) <u>**બનાવવાળી જગ્યા:–**</u>

હવે સદર કામે જયાં સુધી બનાવવાળી જગ્યાનું પ્રશ્ન છે, ત્યાં સુધી બનાવવાળી જગ્યા બાબતે બન્ને પક્ષકારો વચ્ચે તકરાર જણાઈ આવે છે. ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ ફરીયાદીના ઘરે ગોલ્ડન આર્કેડ બિલ્ડીંગના પાછળના ભાગે આવેલ એમ.આર.શાહના ખુલ્લા પ્લોટથી પુર્વ ખુલ્લામાં રહેતા દેવીપુજક વિસ્તારમાં બનેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવ્યા મુજબ બનાવ મનાલી ટાવર પાસે ગાંધીધામ મધ્યે બનેલ. તેઓ પોતાના ઘરે પરત આવી ગયેલા અને બાદમાં આશરે આઠ વાગ્યાના સમયે તેઓ તથા તેમના પતિ તેમજ ત્રણ

બાળકો જમતા હતા ત્યારે આરોપી બચુએ લોઢાનો પાઈપ તેમના પતિને માથાના ભાગે મારેલો તેમ જણાવેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ ગાંધીધામ ખાતે આવેલ મનાલી ટાવરના બાજુના રહેણાંકમાં બનેલ હોવાનું જણાવેલ છે. તેમજ રાત્રીના પોણા આઠ વાગ્યાનો સમય થઈ ગયેલ હોય તેનો ખીચડી ખાવા બેઠેલા તે વખતે બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તેમના દીયર શ્રવણના ઘરમાં બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓ મનાલી ટાવર સામે આવેલ ઝુપડપટીમાં રહેતા હોવાનું તથા બનાવ તેઓના છાપરાની બાજુમાં આવેલ તેમના ભાઈ શ્રવણના છાપરામાં બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે.

(૧૭.૧) આરોપી તરફે બનાવવાળી જગ્યા સબંધે તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ છે તેમજ દલીલો કરતા જણાવેલ છે કે, જે સ્થાનિક જગ્યાનું પંચનામું આંક–૨૮ થી રજુ છે, સદર પંચનામામાં ઓમ પાર્ટી પ્લોટનો ઉલ્લેખ નથી, મનાલી ટાવરનો ઉલ્લેખ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, આંક–૧૨૮ થી સ્થાનિક જગ્યાનો નકશો રજુ છે તેમાં પણ ઓમ પાર્ટી પ્લોટનો ઉલ્લેખ નથી

કે એમ.આર.શાહનો પણ ઉલ્લેખ નથી. ઈલેકટ્રીક થાંભલો બતાવેલ છે અને ત્યારપછી બનાવવાળી જગ્યા બતાવેલ છે. સ્થાનિક જગ્યાનું પંચનામું તા.૧૪–૫–૧૬ ના રોજ ૧૭.૩૦ થી ૧૮.૧૫ દરમ્યાન તૈયાર કરવામાં આવેલું છે. આ સમય દરમ્યાન બનાવવાળી જગ્યાએથી મુદામાલ સીલ કરેલ છે. એફ.એસ.એલ. નો પ્રાથમીક અહેવાલ આંક–૧૬૨ થી રજુ છે, જેમાં તપાસ કર્યાનો સમય ૧૮.૩૦ થી ૧૯.૩૦ દર્શાવેલો છે. એફ.એસ.એલ. ના પ્રાથમીક અભિપ્રાય અહેવાલ મુજબ આ બધી વસ્તુ જોઈ કબજે કરવા ભલામણ કરેલ છે. દસ્તાવેજી પુરાવા તથા મુદામાલ રજુ છે તે સાહેદોની જુબાની જોતા વિપરીત છે. જયારે સ્થાનિક જગ્યાનું પંચનામું પણ શંકા પ્રેરે છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, જે પણ વસ્તુઓ આંક–૨૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામાથી કબજે થયેલી છે તેને આંક–૧૬૨ ના એફ.એસ.એલ. ના પ્રાથમીક અહેવાલ ઉપરથી સમર્થન મળતું નથી, જેથી તેની ઉપર આધાર રાખી શકાય નહી. સ્થાનિક જગ્યા ખુબ જ મહત્વની બાબત છે. તમામ સાહેદોની જુબાની ઉપરથી બનાવવાળી જગ્યા બદલાતી હોય શંકા ઉભી કરે છે જેથી તેની ઉપર આધાર રાખી શકાય નહી. બનાવવાળી જગ્યા શંકારહિત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૭.૨) ફરીયાદપક્ષ તરફે આંક–૨૮ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે તેમજ આંક–૨૭ થી બનાવવાળી જગ્યાના પંચ સાહેદ ઓસમાણ વલીમામદ સોઢાની સોગંદ ઉપર જુબાની થયેલ છે. જો કે પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા

છે અને તેઓએ આંક–૨૮ ના પંચનામાની હકીકતોને સમર્થન પુરુ પાડેલ નથી. જયારે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળોતરીયા નાઓએ આંક–૨૮ ના બનાવવાળી જગ્યાના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે તેમજ આંક–૨૯ થી ૩૨ ની પંચ સ્લીપોમાં પોતાની તથા પંચ સાહેદની સહીઓ ઓળખી બતાવેલી છે. તેમજ કોર્ટ રુબરુ બનાવવાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલ કંટ્રોલ સેમ્પલ માટી, લોહીવાળી માટી, કંતાનની ઘુણી, પ્લાસ્ટીકની ટાળપતરી ઓળખી બતાવેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે આંક–૧૬૨ થી સાયન્ટીફીક ઓફીસરશ્રી એફ.એસ.એલ. મોબાઈલ લેબોરેટરી રાજકોટ નાઓએ તૈયાર કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ કરવામાં આવેલો છે જેનું પુરાવાકીય મુલ્યાંકન કરીએ તો, સદર આંક–૧૬૨ ના સ્થળ પરીક્ષણ અહેવાલમાં બનાવવાળું સ્થળ મનાલી ટાવર જીઆઈડીસી વિસ્તાર ગાંધીધામ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. તેમજ ગુનો બન્યા તા.૧૩–૫–૧૬ રાત્રીના આઠ કલાકે અને ગુનો જાહેર થયા તા.૧૪–૫–૧૬ રાત્રીના એક કલાકે તેમજ ગુનાવાળી જગ્યાની તપાસ કર્યા તા.૧૪–૫–૧૬ ૧૮.૩૦ થી ૧૯.૩૦ કલાક જણાવેલ છે. તેમજ સદર સ્થળ પરીક્ષણ અહેવાલમાં સાયન્ટીફીક ઓફીસરશ્રીએ નોંધ્યા મુજબ તેઓએ બનાવવાળી જગ્યાનું નીરીક્ષણ કરતા બનાવવાળી જગ્યા મનાલી ટાવર પાસે આવેલ ઝુપડામાં એમ.આર.શાહના વરંડાની દીવાલથી પુર્વે આશરે પાંચ ફુટ રતાશ પડતા ભુખરા ડાઘાઓ વાળી માટી, કથ્થઈ રંગનું કંતાન, સફેદ રંગની ટાળપતરી તેમજ જમીન ઉપર ભુખરા ડાઘાઓ

મળી આવેલ હોવાનું એફ.એસ.એલ. અધિકારીએ નોંધેલ છે. તેમજ બનાવવાળી જગ્યાએથી લોહીવાળી માટી, કંટ્રોલ માટી, કથ્થઈ કંતાન અને ટાળપતરીના ટુકડા કબજે લઈ રાજકોટ એફ.એસ.એલ. ને મોકલી આપવાની સુચના તપાસ કરનાર અમલદારશ્રીને આપેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. એફ.એસ.એલ. અધિકારીનો પુરાવો સ્વતંત્ર પુરાવો છે જેથી આંક–૧૬૨ નો સ્થળ પરીક્ષણનો અહેવાલ નહીં માનવા માટે કોઈ કારણ નથી. આંક–૧૬૨ ના સ્થળ પરીક્ષણ અહેવાલ ઉપરથી પણ એ હકીકત સ્પષ્ટપણે ફલીત થાય છે કે, બનાવવાળી જગ્યા મનાલી ટાવર એમ.આર. શાહના વરંડાની દીવાલ પુર્વે બનાવ બનેલો. વધુમાં ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ આંક–૧૭૧ ના એફ.એસ.એલ. ના બાયોલોજીકલ અને સીરોલોજીકલ પરીક્ષણના અહેવાલમાં બનાવવાળી જગ્યાએથી લીધેલ સેમ્પલની માટીમાં તથા તાળપત્રીના ટુકડામાં મરણજનારના રુધીરની હાજરી મળી આવેલી છે. આવા સંજોગોમાં ફકત પંચ સાહેદો હોસ્ટાઈલ થવા માત્રથી જ આંક–૨૮ ના પંચનામાની હકીકતો પુરવાર થતી નથી તેમ માની શકાય નહીં. કારણકે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય સાહેદોએ બનાવ મનાલી ટાવર પાસે આવેલ ઝુપડામાં બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે, તે હકીતને આંક–૨૮ ના બનાવવાળી જગ્યાના પંચનામાથી, આંક–૧૬૨ ના સ્થળ પરીક્ષણ અહેવાલ તથા આંક–૧૭૧ ના એફ.એસ.એલ. અભિપ્રાય ઉપરથી સમર્થન મળે છે. તેમજ તપાસ કરનાર અમલદાર શ્રીએ આંક–૨૮ ના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે. આવા સં

જોગોમાં ફકત પંચ સાહેદ હોસ્ટાઈલ થઈ જવા માત્રથી ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતું નથી તેમ માની શકાય નહીં. આવા સંજોગોમાં બનાવવાળી જગ્યાએ બનાવ બનેલ નથી તેવી આરોપી તરફેના વિ.વ.શ્રીની દલીલ સાથે હું સહમત થતો નથી કારણકે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત માનવાલાયક પુરાવાના આધારે બનાવવાળી જગ્યા પુરવાર કરેલ છે.

(૧૮) **<u>આરોપીઓ તથા મરણ જનાર વચ્ચેનો સબંધ તથા આરોપીઓની હાજરી :–</u>**

સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, આરોપી તથા મરણજનાર, ફરીયાદી, સાહેદો એક જ વિસ્તાર મનાલી ટાવર એમ.આર.શાહના ખુલ્લા પ્લોટની પુર્વમાં આવેલ જીઆઈડીસી વિસ્તાર ગાંધીધામના રહીશ છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક, સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક, સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક તથા સાહેદ નં.૨૨ સુરજ ધીરુભાઈ દેવીપુજક તમામ મનાલી ટાવર એમ.આર.શાહના ખુલ્લા પ્લોટના ઝુપડામાં રહે છે. તેમજ આરોપી નં.૨ ફરીયાદી સાહેદોની પડોશમાં જીઆઈડીસી ઝુપડામાં ગાંધીધામ મુકામે રહે છે તે હકીકત નિર્વિવાદ છે. જેથી આરોપીની ઓળખ સબંધે તકરાર નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક તથા સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજકની જુબાની વખતે આરોપીઓ ગેરહાજર હોય આરોપીઓ

તરફે વિ.વ.શ્રીએ ગેરહાજરી સબબ મુકિત અરજી આપેલ હતી તેમજ ઓળખ સબંધે તકરાર નથી તેમ જાહેર કરેલ હતું. સદર બન્ને સાહેદોએ આરોપીઓ હાજર હોય તો ઓળખી શકે તેમ જણાવેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક તથા સાહેદ નં.૧૪ ભુલબીને સુરેશભાઈ દેવીપુજક નાઓએ આરોપીઓને અત્રેની અદાલત રુબરુ ઓળખી બતાવેલા છે.

(૧૮.૧) તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૮ સતીષ હરીભાઈ અભાણી નાયબ મામલતદાર શ્રીએ આંક-૧૩૧ ની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૪૮ ના ઓળખ પરેડના પંચનામાને સમર્થન પુરુ પાડેલ છે. પરંતુ ઉપરોકત મુદા નં.ર માં ચર્ચા કરી તે અનુસાર નાયબ મામલતદારશ્રીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી નં.૧ લાભુ ભીખુ દેવીપુજક સબંધે આઈ.ડી. પરેડ થયેલ હોવા બાબતે પુરાવો પુરો પાડેલ નથી. જયારે આરોપી નં.ર બચુ કારા દેવીપુજકને આરોપી બાઈએ ઓળખી બતાવેલ છે તે સબંધે પુરાવો પુરો પાડેલ છે. તેમજ કોર્ટ રુબરુ પણ આરોપીને સાહેદોએ ઓળખી બતાવેલા છે. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે આરોપી નં.ર ની ઓળખ પુરવાર થયેલ છે. તેમજ આરોપી તરફેના વિ.વ.શ્રીની એ દલીલ સાથે હું સહમત થતો નથી કે ફરીયાદપક્ષ આરોપીની ઓળખ પુરવાર કરી શકેલ નથી.

આ તબકકે નામ.સુપ્રીમ કોર્ટના તાજેતરના ઉદયાકુમાર વિરુઘ્ધ સ્ટેટ ઓફ તામીલનાડુ, ૨૦૨૩(૦) એ.આઈ.જે.ઈ.એલ.

–એસસી ૭૦૬૪૦ ના ચુકાદામાં નામ.સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, જયારે આરોપીની ઓળખ સાક્ષીને પહેલાથી જ ખબર હોય ત્યારે ઓળખ પરેડ કરાવવી જરૂરી નથી. તેમજ નામ.સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કિશોર અને બીજાઓ વિરુઘ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૨૦૨૪(૦) એ.આઈ.જે.ઈ.એલ. –એસસી ૭૩૦૮૫ ના ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ ઓળખ પરેડ એ તપાસનો એક મહત્વનો અંગ છે. જયારે સાહેદો બનાવ પહેલા આરોપીને ઓળખતા ન હોય ત્યારે ઓળખ પરેડ જરૂરી છે. જો સાહેદો આરોપીને બનાવ પહેલાથી ઓળખતા હોય તો તેવા કિસ્સામાં ઓળખ પરેડ ફરજીયાત નથી.

આમ, હાથ ઉપરના કેસમાં ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર તમામ આરોપી તથા સાહેદો એક જ વિસ્તારના હોય એકબીજાને સારી રીતે ઓળખે છે તે પુરાવો રેકર્ડ ઉપર આવેલો છે. તેવા સંજોગોમાં ઓળખ પરેડ જરૂરી નથી.

(૧૯) **<u>એફ.આઈ.આર.:–</u>**

સદર કામે એ હકીકત નિર્વિવાદ છે કે, આ કામના ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ બનાવની ફરીયાદ તા.૧૪–૫–૧૬ ના રોજ રાત્રીના ૦૧.૦૦ કલાકે આપેલી છે. જયારે બનાવ તા.૧૩–૫–૧૬ ના રોજ રાત્રીના આઠ વાગ્યે બનેલો છે. તે સબંધે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ઘ્યાને લઈએ તો, ફરીયાદીએ પોતાની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં તથા સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક–૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં

તથા સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક–૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં તથા સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તા.૧૩–૫–૧૬ ના રોજ રાત્રીના આઠ કલાકે બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળાતોરીયા નાઓએ પોતાની આંક–૧૫૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, રામબાગ હોસ્પિટલ તરફથી તેઓને વર્ધી મળેલ અને તે વર્ધીના આધારે સ્ટે.ડાયરીમાં નોંધ કરવામાં આવેલી. ત્યારબાદ ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓની સરકારી દવાખાને રામબાગ હોસ્પિટલ જઈ તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ તેઓના રુબરુ નોંધી લેવામાં આવેલી જે હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. આવા સંજોગોમાં આ કામના ફરીયાદી બાઈ ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ બનાવ બન્યાના પાંચ કલાકમાં બનાવની ફરીયાદ રામબાગ હોસ્પિટલમાં તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળાતોરીયા રુબરુ દાખલ કરી દેવામાં આવેલી છે.

(૨૦) **<u>મોટીવ:–</u>**

ક્રિમીનલ ટ્રાયલમાં ફરીયાદ પક્ષની જવાબદારી છે કે, ગુનો ભજવવામાં આરોપીનું મોટીવ શું હતું તે પુરવાર કરવુ પડે. સદર કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ, બનાવના દીવસે ફરીયાદી ગીતાબેન, તેમના પતિ શ્રવણભાઈ તેમના

જેઠ સુરજભાઈ તથા જેઠાણી ભુલીબેન માંડવી મુકામે મેળામાંથી પરત આવેલ હતા અને ગાંધીધામ મુકામે તેમના ઘરે આવી તેમના ઝુપડામાં રાખેલ વાસણ તથા ટી.વી. નહીં મળી આવતા તેમના જેઠ રાજુને પુછતા તેણે જણાવેલ કે સામાન ગામડીયાઓને વેચી નાખેલ છે. જેથી સામાન લેવા જતા આ ગામડીયાઓએ આપવાની ના પાડેલ અને ત્યારબાદ લગભગ આઠ વાગ્યાના સુમારે તેઓ જમવા બેઠેલા ત્યારે બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલી છે.

(૨૦.૧) ફરીયાદી બાઈએ પોતાની આંક–૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં એ હકીકતને સમર્થન પુરુ પાડેલ છે કે, તેઓ તથા તેમના પતિ માંડવી ખાતે ધંધા ઉપરથી પરત ફરતા ઘરે સામાન નહીં મળતા તેમના જેઠ રાજુના ઘરે સામાન વિશે પુછપરછ કરતા ગામડીયાઓને વેચી નાખેલ હોવાની હકીકતને તથા ગામડીયાઓ પાસે સામાન લેવા જતા સામાન પાછો આપેલ નહીં અને ઘરે પરત આવેલા અને ત્યારબાદ રાત્રીના આઠ વાગ્યે બનાવ બનેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલ છે. આમ, ફરીયાદીએ સદર બનાવ ફરીયાદીનો સામાન ફરીયાદીના જેઠ રાજુભાઈ પાસેથી લઈ ગયેલ અને પાછો નહીં આપતા બનેલ હોવાનું જણાવેલ છે. ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સામાન ગામડીયાઓને વેચી દેતા ગામડીયાઓને સામાન બાબતે પુછપરછ કરતા બનાવ બનેલ હોવાની હકીકત જણાવેલ છે. તે જ રીતે સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ પોતાની સોગંદ

ઉપરની જુબાનીમાં ઘરવખરીનો સામાન અને ટી.વી. ઘરમાં નહીં મળતા દીયર રાજુને પુછતા ગામડીયા લઈ ગયેલ હોવાનું જણાવેલ છે અને તે ગામડીયા પાસે ફરીયાદી તથા શ્રવણભાઈએ સામાનની માંગણી કરતા નહીં આપતા બનાવ બનેલ હોવાનું જણાવેલ છે. તે જ રીતે સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગામડીયાઓ વાસણ અને ટી.વી. લઈ ગયેલા અને તેમના ભાઈ શ્રવણને આ સામાન લઈ ગયેલા છે, તેવી વાત રાજુભાઈના કહેવાથી જાણવા મળેલ અને ત્યારબાદ તેમના ઘરે સામાન લેવા જતા નહીં આપતા બનાવ બનેલાનું જણાવેલ છે. આમ, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, ફરીયાદી તથા તેમના પતિ શ્રવણભાઈ માંડવી મુકામે મેળામાં ગયેલ અને એક મહીના બાદ પરત આવતા તેમના ઝુપડામાં ઘરવખરીનો સામાન તથા ટી.વી. નહીં મળી આવતા ફરીયાદીના જેઠ રાજુભાઈને પુછતા સદર સામાન ગામડીયાઓને વેચી નાખેલ હોય આરોપીઓ પાસે સદર સામાન લેવા જતા આરોપીઓએ સામાન પરત નહીં આપેલ અને ફરીયાદી તથા મરણજનાર શ્રવણભાઈ અને તેમના બાળકો રાત્રે આઠ વાગ્યે ઘરે જમતા હતા તે વખતે આરોપીઓ આવતા બનાવ બનેલ છે. આમ, ફરીયાદપક્ષ બનાવનો મોટીવ પુરવાર કરવામાં સફળ નીવડેલ છે.

(૨૦.૨) આરોપી તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ મોટીવ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર તમામ સાહેદોએ બનાવ આરોપીઓ દવારા ફરીયાદીનો ઘરવખરીનો સામાન તથા ટી.વી. લઈ જવા બાબતે બનેલો છે. જો કે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક તથા સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સામાન આરોપીઓ લઈ ગયેલા. જયારે ફરીયાદી તથા સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, રાજુભાઈએ સામાન વેચી દીધેલો. આમ, સામાન લઈ જવા તથા વેચી દેવા બાબતમાં સામાન્ય વિરોધાભાસ છે. પરંતુ એ હકીકત નિર્વિવાદ છે કે સામાન આરોપીઓ લઈ ગયેલા જેથી બનાવ બનેલ છે જે સદર બનાવ બનવા માટેનું મોટીવ છે. આથી, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ચારેય સાહેદોએ મોટીવ બાબતે સ્પષ્ટપણે હકીકતો જણાવેલી છે, જે નહીં માનવા માટે કારણ નથી. આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત ચારેય સાહેદોના પુરાવાથી મોટીવ પુરવાર થયાનું અત્રેની અદાલતનું માનવું છે.

(૨૧) **<u>હથીયાર:–</u>**

સદર કામે બન્ને પક્ષકારો તર્ફે ગુનામાં વપરાયેલ હથીયારો બાબતે મહત્વની તકરાર ઉભી કરવામાં આવેલી છે. ફરીયાદ પક્ષ તર્ફેના કેસ મુજબ બનાવ વખતે આરોપી નં.૧ લાભુ

ભીખુ દેવીપુજકના હાથમાં કોષ હતી તેમજ આરોપી નં.૨ બચુ કારા દેવીપુજકના હાથમાં પાઈપ હતી તેમ જણાવેલ છે. હવે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૨ ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક-૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપી બચુ તથા નટીયાએ માથામાં ઘા મારેલ તેમ જણાવેલ છે. જયારે આંક-૫૬ ની ફરીયાદમાં જણાવેલ છે કે, નટીયો તથા બુજી અને તેની સાથે બીજા દસેક જણા હાથમાં લોખંડનો પાઈપ લઈને આવેલા અને તેમના પતિને મારવા લાગેલા. આમ, ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તથા ફરીયાદમાં વિરોધાભાસી હકીકતો જણાવેલી છે. આરોપી નટીયા પાસે પાઈપ હોવાનું તથા બચુ પાસે કોષ હોવાનું જણાવેલ છે. આમ, હથીયાર સબંધે ફરીયાદી વિરોધાભાસી હકીકતો જણાવે છે. તે જ રીતે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ ન.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક નાઓએ આંક-૯૯ ની સોગંદ ઉપરની જુબાનીમાં બચુના હાથમાં ધોકો જેવું કાંઈક હતું તેમ જણાવેલ છે. મુદામાલ હથીયાર ઓળખ વખતે કોશ કોર્ટ રુબરુ ઓળખી બતાવેલી છે. તેમજ ધોકો ઓળખી શકુ નહીં તેમ જણાવેલ છે. તેમજ સાહેદ નં.૧૪ ભુલીબેન સુરેશભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક-૧૧૦ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુ તથા બચુએ તેમના દીયરના માથાના પાછળના ભાગે ટામી તથા પાઈપ મારેલ તેમ જણાવેલ છે. તેમજ લોખંડનો પાઈપ બચુના હાથમાં હતો તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. તે જ રીતે ફરીયાદપક્ષ

તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ પોતાની આંક–૧૫૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં લાભુના હાથમાં પાઈપ તથા બચુના હાથમાં કોષ હતી તેમ જણાવેલ છે. તેમજ હથીયારની ઓળખ વખતે સદર સાહેદે લાભુના હાથમાં લોખંડનો પાઈપ તેમજ બચુના હાથમાં લોખંડની કોષ ઓળખી બતાવેલી છે. આમ, મુદામાલ હથીયાર સબંધે ચારેય સાહેદોની સોગંદ ઉપરની જુબાનીમાં વિરોધાભાસ આવે છે. ઉપરોકત ચારેય સાહેદોએ આરોપીઓના હાથમાં હથીયારો સબંધે સીધો પુરાવો પુરો પાડેલ નથી. પરંતુ ફરીયાદી, સાહેદ ભુલીબેનના પુરાવા ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, આરોપી બચુના હાથમાં પાઈપ હતી. જયારે આરોપી લાભુના હાથમાં તમામ સાહેદો જુદા–જુદા હથીયાર હોવાનું જણાવે છે. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આરોપી લાભુની હાજરી ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. જયારે આરોપી બચુ કારા દેવીપુજક નાઓના હાથમાં પાઈપ હતી તેવું સાહેદોના પુરાવા ઉપરથી ફલીત થાય છે. તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૬ પી.એમ.કરનાર ડો.શ્રી અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સિન્હા નાઓએ પોતાની આંક–૧૧૫ ની સોગંદ ઉપરની જુબાનીમાં મરણજનારે માથામાં પાછળના ભાગે પરાઈટલ બોર્નમાં ૩×૧.૫ સે.મી. નો ફ્રેકચરનો ભા હતો તે પાઈપ વડે થઈ શકે તેમ જણાવેલ છે. તેમજ આંક–૧૧૬ થી રજુ થયેલ પી.એમ. નોટમાં પણ સદર ઈજાઓને સમર્થન મળે છે. આવા સંજોગોમાં ફકત મુદામાલ હથીયાર સબંધેનો સામાન્ય

વિરોધાભાસ ફરીયાદપક્ષના કેસને ફેટલ કરતો નથી. તેમજ આરોપી નં.ર બચુ કારા દેવીપુજક નાઓ પાસે પાઈપ હતી તે હકીકત પુરવાર થયેલ છે ત્યારે તે નહીં માનવા કોઈ કારણ નથી.

(૨૧.૧) આ તબકકે આરોપીઓ તરફે રજુ થયેલ નામ.ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૦ (૪) જીસીડી ૨૮૪૦ (ગુજરાત), સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ મામુભા પ્રેમસંગજી જાડેજા ના ચુકાદાના પેરા–૩૨ માં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, '' ડીસ્કવરી પંચનામું જાતે જ એક અત્યંત મહત્વનો પુરાવાનો ભાગ છે જેને આરોપીના ગુનાહિત માનસીકતાને સ્થાપિત કરવા માટે ધ્યાને લઈ શકાય છે, શરત એ છે કે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૭ હેઠળની આવશ્યક શરતો પુર્ણ કરવામાં આવી હોય, જે ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૫ અને ૨૬ ના નિયમોમાંથી એક અપવાદરૂપ જોગવાઈ છે. ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ મુજબ આરોપી પાસેથી પ્રાપ્ત થયેલ માહીતીનો પુરાવો ત્યારે જ ગ્રાહય બને છે જયારે તે માહીતીના અનુસંધાનમાં પોલીસ કસ્ટડીમાં રહેલ વ્યકિત દવારા સબંધિત હકીકતની ડીસ્કવરી થાય અને તે માહીતી ડીસ્કવર થયેલ હકીકત સાથે સ્પષ્ટ રીતે સબંધિત હોય. અન્ય શબ્દોમાં, કસ્ટડીમાં રહેલ વ્યકિતના ઈશારા ઉપરથી થયેલી સબંધિત હકીકતની ડીસ્કવરી જો સાબીત થાય તો તે આરોપી વિરુધ્ધ ઉપયોગમાં લઈ શકાય છે. ભલે તે સ્વીકૃતિ સ્વરૂપની હોય છતાં પણ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૫ તથા ૨૬ લાગુ પડતી હોવા છતાં ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૨૭ નો લાભ મેળવવા માટે પ્રોશીકયુશન તરફે નીચેની શરતો સ્થાપિત કરવી જરૂરી છે.

કારણકે, તે આરોપીઓ વિરુધ્ધ મહત્વપુર્ણ તકસીરવાન ઠરાવી શકાય તેવી પરિસ્થિતિ છે. અદાલતે ખાતરી કરવી જોઈએ કે, આ કલમ હેઠળ પુરાવો એકત્ર કરતી વખતે તેની આવશ્યક શરતો અને તત્વોનું સંપુર્ણપણે પાલન કરવામાં આવ્યું છે. પ્રથમ શરત એ છે કે, આરોપી પાસેથી પ્રાપ્ત માહીતીના અનુસંધાનમાં સબંધીત હકીકતો મળેલી હોવી જોઈએ. બીજી શરત એ છે કે, આવી ડીસ્કવરી અંગે સાહેદોની જુબાનીમાં હકીકત આવવી જોઈએ. ત્રીજી શરત એ છે કે, માહીતી પ્રાપ્ત કરતી વખતે આરોપી પોલીસ કસ્ટડીમાં હોવો જોઈએ અને ચોથી અને અત્યંત મહત્વપુર્ણ શરત એ છે કે માત્ર એટલી જ માહીતી કાયદામાં સ્વીકાર્ય છે જે ડીસ્કવર થયેલ હકીકત સાથે સ્પષ્ટ રીતે સંબંધિત હોય. આ રીતે માહીતીનો ઉદભવ અને સ્ત્રોત સાબીત થવો આવશ્યક છે.''

સદર ચુકાદાના પેરા–૩૪ માં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, '' આ સંદર્ભે નામ. સર્વોચ્ચ અદાલતે મહમદઅબ્દુલ હફીઝ વિરુધ્ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશના ચુકાદાનો ઉલ્લેખ કરવો યોગ્ય છે. તે નિર્ણયમાં સ્પષ્ટ રીતે ઠરાવવામાં આવ્યું છે કે, કલમ–૨૭ હેઠળ રીકવરી કરતી વખતે તપાસ કરનાર અમલદારની એ ફરજ છે કે તે દર્શાવે અને નોંધે કે એક થી વધુ આરોપીઓમાંથી કયા આરોપી પાસેથી શું રીકવરી થયેલ હતી, અને તેણે ચોકકસ કયા શબ્દોમાં જણાવેલ હતું. જે માહીતીના આધારે થયેલી રીકવરીને માહીતી આપનાર વ્યકિત સાથે જોડી શકે અને તેના વિરુધ્ધ આક્ષેપો પુરવાર કરવા માટે પુરાવો આપી શકે. વધુમાં તે ચુકાદામાં એવું પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ કે, તમામ આરોપીઓએ સંયુકત

રીતે માહીતી આપેલી અને તેના આધારે ચોરી કરેલ વસ્તુ મળી આવેલ હોવાનો પુરાવો, તેમજ ખરીદનારે આપેલ પુરાવો કે આરોપી નં.૧ થી ૩ નાઓએ વીંટી વેચેલ હતી અને પોલીસે સાથે આવતા સમયે વીંટી રજુ કરવા કહ્યું હતું. આ તમામ હકીકતો આરોપીઓ વિરુધ્ધ તકસીરવાન ઠરાવવા માટે પુરતો પુરાવો નથી. આવા પ્રકારનો પુરાવો નોંધવાની પધ્ધતિ યોગ્ય નથી.''

(૨૧.૨) સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે એક થી વધુ આરોપીઓ પાસેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૭ અન્વયે હથીયારની રીકવરી કરવામાં આવેલી હોય ત્યારે એક જ પંચનામામાં તમામ આરોપીઓએ જણાવેલ માહીતી તથા હથીયારોની રીકવરી સબંધે એક જ પંચનામું તૈયાર કરવું યોગ્ય નથી. હાથ ઉપરના કેસમાં આંક–૩૮ ના ડીસ્કવરી પંચનામાના અનુસંધાને બન્ને આરોપીઓ પાસેથી રીકવર કરવામાં આવેલ મુદામાલ હથીયારો સબંધેના વર્ણન જુદા–જુદા તપાસ કરનાર અમલદારશ્રીએ દર્શાવેલા છે. તેમજ સદર ચુકાદામાં ઠરાવેલ ચાર શરતો મુજબ આંક–૩૭ થી તપાસવામાં આવેલ ડીસ્કવરી પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલા છે. જયારે સદર પંચનામું કરનાર તપાસ કરનાર અમલદારશ્રી એસ.એમ.વાળાતોરીયા નાઓએ આંક–૧૫૬ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીઓ કબુલાત આપતા હોય તે અનુસંધાને ડીસ્કવરી પંચનામું બે પંચોની હાજરીમાં લખેલું અને તે પંચનામા મુજબ ગુનામાં વપરાયેલ હથીયાર લોખંડની કોષ તથા લોખંડની પાઈપ જે અંદરથી પોલી હતી તે પંચનામાની વિગતે કબજે લીધેલ. આમ, તપાસ કરનાર અમલદારશ્રીની સોગંદ

ઉપરની જુબાનીમાં પંચનામાની વિગતો જણાવેલી છે, તેમજ બે પંચો રૂબરૂ આરોપીની કબુલાતના આધારે મુદામાલ હથીયાર રીકવર કરવામાં આવેલ છે. આવા સંજોગોમાં સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ હથીયાર રીકવર થયેલ છે.

(૨૧.૩) આ તબકકે નામ.સુપ્રીમ કોર્ટે સ્ટેટ મારફતે પોલીસ ઈન્સ્પેકટર વિરુધ્ધ લાલી ઉર્ફે મનીકાનંદન અને બીજા, ૨૦૨૨ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસસી–૬૯૯૭૯ ના ચુકાદામાં નામ.સુપ્રીમ કોર્ટે પેરા–૭ માં ઠરાવેલ છે કે, '' તે જ રીતે ગુનામાં વપરાયેલ હથીયારની રીકવરી સાબીત ન થઈ હોય તો માત્ર તેના આધારે જયારે નજરે જોનાર સાહેદની સીધી જુબાની ઉપલબ્ધ હોય ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવવા માટે તે આધાર બની શકતો નથી. ગુનો કરવામાં વપરાયેલ હથીયારની રીકવરી આરોપીને દોષીત ઠરાવવા માટે અનીવાર્ય શરત નથી. જો નજરે જોનાર સાહેદની જુબાની સીધી ઉપલબ્ધ હોય તો હથીયારની રીકવરી ન થયેલ હોવા છતાં પણ આરોપીને દોષીત ઠરાવી શકાય છે. તે જ રીતે એફ.આઈ.આર. નોંધવામાં થયેલ કેટલીક વિસંગતતાઓ હોવા છતાં જયારે પ્રોશીકયુશન કેસ નજરે જોનાર સાહેદની જુબાની ઉપર આધારીત હોય ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવવા તે આધાર બની શકે નહીં.'' હાથ ઉપરના કેસમાં મુદામાલ હથીયાર પાઈપ તથા કોષની રીકવરી સબંધે સાહેદોની જુબાનીમાં વિરોધાભાસ છે, પરંતુ નજરે જોનાર સાહેદનો સાહેદ નં.૧૨ ફરીયાદી ગીતાબેન શ્રવણભાઈ દેવીપુજક, સાહેદ નં.૧૩ અગો સુરજભાઈ દેવીપુજક તથા સાહેદ નં.૨૨ સુરજભાઈ ધીરુભાઈ દેવીપુજક નાઓએ બનાવ વખતે આરોપી નં.૨ ના

હાથમાં પાઈપ હોવાનું જણાવેલ છે. આમ, ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા મુદામાલ હથીયાર યોગ્ય રીતે આઈડેન્ટીફાઈડ ન થયેલ હોવા છતા ફરીયાદપક્ષનો સમગ્ર કેસ નકારી શકાય નહીં.

(૨૨) **<u>એફ.એસ.એલ રીપોર્ટ:</u>**–

સદર કામે ફરીયાદપક્ષ તર્ફે ત.ક.અમલદારશ્રી એસ.એમ.વાળોતરીયા નાઓની આંક–૧૫૬ થી સોગંદ ઉપર જુબાની થયેલ છે. જેમા તેઓએ આંક–૧૭૧ થી એફ.એસ.એલ.રાજકોટનો બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ રજુ કરેલ છે. સદર અહેવાલનો પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો તપાસ કરનાર અમલદારશ્રીએ આંક–૧૭૦ ના મુદામાલ રવાનગી પત્રક અને સત્તા અંગેના પ્રમાણપત્રના આધારે, સદર કામે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ કપડા, હથીયાર, કંટ્રોલ માટી, લોહી વાળી માટી, કંતાનની ગુણી, પ્લાસ્ટીકની તાલપત્રી તથા આરોપીઓ અને મરણજનારના મેડીકલ સેમ્પલો મોકલી આપેલા છે. આંક–૧૭૧ ના બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણ અહેવાલમાં મદદનીશ નિયામકશ્રી, એફ.એસ.એલ. રાજકોટનાઓએ આપેલ અભિપ્રાય મુજબ બનાવ વાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ નમુનાની માટીમા ''એ'' ગૃપનુ રૂધીર મળી આવેલ છે. જે રૂધીર મરણજનારનુ છે જયારે ''ઈ–૧ તથાઈ–ર થી કબજે લીધેલ બ્લડ સેમ્પલ બંને આરોપીઓના છે, જેનુ ગૃપ ''બી'' છે. તેમજ બનાવ વાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ કંતાનની ગુણીમાં લોહીની હાજરી મળી આવેલ નથી. જયારે બનાવ વાળી જગ્યાએથી કબજે લેવામાં

આવેલ તાલપત્રીના ટુકડામાં 'એ'' ગૃપનુ એટલે કે મરણ જનારનુ લોહી મળી આવેલુ છે. તેમજ મરણ જનારનાં બનાવ વખતે પહેરેલ કપડા નમુના સી/૧ થી શર્ટ તથા નમુના સી/૨ થી પેન્ટ કબજે લેવામાં આવેલ છે, જેના ઉપર પણ માનવ રૂધીર ગૃપ'એ' ની હાજરી મળી આવેલી છે.

(૨૨.૧) હવે સદર કામે આરોપી નં.૨ બચુભાઈ કારાભાઈ દેવીપુજકના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ કપડા ઉપર રૂધીરની હાજરી મળેલ છે કે કેમ ? તે બાબતે આંક -૧૭૧ ના અહેવાલનુ પુરાવાકીય મૂલ્યાંકન કરીએ તો આરોપી નં.૨ નાં પેન્ટ .ઉપરથી મરણ જનારના રૂધીરની હાજરી મળી આવેલ છે. જેના ઉપરથી પણ ફરીયાદ પક્ષ એ હકીકત પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે બનાવ વખતે આરોપી નં.૨ ની હાજરી હતી તેમજ આરોપી નં.૨ સદર ગુનામાં સંડોવાયેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર આંક-૧૭૧ ના મુદામાલ પરીક્ષણના અહેવાલ ઉપરથી પણ એ હકીકતને સમર્થન મળે છે કે, બનાવવાળી જગ્યાએ મરણજનારનું ''એ'' જુથનું રુધીર પડેલુ છે તેમજ મરણજનારના કપડા ઉપરથી તાલપત્રીના ટુકડા ઉપરથી તથા આરોપી નં. ૨ ના પેન્ટ ઉપરથી મરણજનારના રુધીરનું જુથ મળી આવેલું છે.

(૨૩) **<u>આરોપીઓ તરફે રજુ થયેલ સાઈટેશનો :-</u>**

આરોપીઓ તરફે વિ.વ.શ્રીઓએ પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૨૩.૧) ૨૦૨૪ એસએઆર (ક્રિમીનલ) ૬૦૩, અલાઉદીન અને બીજાઓ વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ આસામ.

સદર ચુકાદામાં નામદાર સુ.કો. એ પેરા–૪ માં ઠરાવેલ છે કે,'' ટ્રાયલ કોર્ટના ચુકાદામાં પેરેગ્રાફ નં. ૧૦૮ ઉપરથી એ હકીકત સપષ્ટ થાય છે કે અપીલકર્તાઓની ભારતીય દંડ સીહતાની કલમ– ૩૦૨ સાથે વાંચતા ૧૪૯ નાં ગુનાનાં કામે તકસીરવાન ઠરાવવામાં આવ્યા હતા. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે હાઈકોર્ટે માત્ર ચાર આરોપીઓને જ દોષીત ઠરાવ્યા હતા ભારતીય દંડ સીહતાની કલમ– ૧૪૯ મુજબ ગેરકાયદેસર મંડળીનાં દરેક સભ્યની મંડળીના સામાન્ય ઈરાદા અનુસંધાનમાં કરવામાં આવેલા ગુનાઓ માટે દોષીત ગણવામાં આવે છે. તેથી ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૯ લાગુ પાડવા માટે ગેરકાયદેસર મંડળીનુ અસ્તિત્વ આવશ્યક છે. ભારતીય દંડ સંહિતાની કલમઅ ૧૪૧ મુજબ ગેરકાયદેસર મંડળી એ પાંચ અથવા તેથી વધુ વ્યકિતઓનો સમુહ હોય છે. હાઈકોર્ટે એવુ નોંધ્યુ નથી કે વર્તમાન અપીલકર્તાઓ સીવાય અન્ય કોઈ વ્યકિતઓ ગેરકાયદેસર મંડળીનો ભાગ હતા. તેથી ભારતીય દંડ સહિતાની કલમ– ૧૪૧ ના અર્થમાં ગેરકાયદેસર મડળી અસ્તિત્વમાં ન હતી. પરીણામે અપીલકર્તાઓને ભારતીય દડ સંહિતાની કલમ– ૩૦૨ સાથે વાંચતા ભારતીય દંડ સંહિતાની કલમ– ૧૪૯ ના કામે દોષીત ઠરાવી શકાય નહિ. વધુમાં હાઈકોર્ટે આરોપમાં ફેરફાર કરીને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨ સાથે વાં ચતા કલમ–૩૪ લાગુ કરવાની પણ કોઈ કાર્યવાહી કરી નથી.

વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે સદર ચુકાદાના પેરા–૧૮ માં ઠરાવેલ છે કે, '' ઉપર દર્શાવેલ કારણોના આધારે ટ્રાયલ કોર્ટ તથા હાઈકોર્ટ ધ્વારા ફરમાવાવમાં આવેલ ચુકાદો જેમાં અપીલકર્તાઓને ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨ સાથે વાંચતા કલમ–૧૪૯ ના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હતા. તે હુકમ રદ કરવામાં આવે છે અને આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. ''

સદર ચુકાદો હાથ ઉપરના કેસ સાથે મુલવીએ તો, હાથ ઉપરના કેસમાં ચાર નજરે જોનાર સાહેદો છે. તમામ સાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ નજરે જોયેલ હોવાનું જણાવે છે. જયારે આરોપી તરફે રજુ થયેલ સદર ચુકાદામાં કોઈપણ નજરે જોનાર સાહેદ હતા નહીં. સમગ્ર કેસ સાંયોગીક પુરાવા આધારીત કેસ હતો. તેમજ સદર ચુકાદામાં ગુજરનાર સાથે આરોપીને સાહેદ નં.૩ નાએ ચાર કલાકે છેલ્લે સાથે જોયેલ હતા, પરંતુ તે દીવસે બનાવવાળી જગ્યાએ કોંગ્રેસ પાર્ટીની મીટીંગ હોય આરોપી સાથે મરણજનારને છેલ્લે બનાવવાળી જગ્યાએ જોયેલ હોવાનો પુરાવો ન હોય, નામ. સુપ્રીમ કોર્ટે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા ૧૪૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવેલ ચુકાદો ફેરવી નાખી આરોપીની અપીલ મંજુર કરેલ હતી. ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર હાથ ઉપરના કેસમાં નજરે જોનાર સાહેદોનો પુરાવો ઉપલબ્ધ છે તેમજ હાથ ઉપરનો કેસ સાંયોગીક પુરાવા આધારીત નથી, જેથી સદર ચુકાદાનો લાભ આરોપીપક્ષને મળવાપાત્ર નથી.

(૨૩.૨) ૨૦૨૨ (૨) ક્રાઈમ્સ ૩૧૯ (એસસી), મહેન્દ્ર સીંગ અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ એમ.પી.

સદર ચુકાદાના પેરા–૧૭ માં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, '' મહેન્દ્રસિંગ (પીડબલ્યૂ–૩) ની સોગંદ ઉપરની જુબાની ઉપરથી તથા આખેરસિંગ (પીડબલ્યૂ–૪) ની સોગંદ ઉપરની જુબાની ઉપરથી તથા મહોબતબસિંહ (ડીડલ્યુ–૩) તથા કોકસિંગ રઘુવંશી (ડીડબલ્યૂ–૪) ની જુબાનીનો ઉલ્લેખ કર્યા વગર પણ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે, મહોબતસિંગ (ડીડબલ્યુ–૩) નાઓએ અમુલસિગ(પીડબલ્યુ–૬) ને રસ્તા ઉપર ભગતસિગનો મૃતદેહ પડેલ હોવાની જાણ કરેલ હતી.''

સદર ચુકાદાના પેરા–૨૧ માં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, '' સદર સાક્ષીઓના પુરાવા ઉપરથી એ હકીકત ફલીત થાય છે કે, અમોલસીંગ( પીડબલ્યુ–૬) નાઓએ ઘટના પોતે જોઈ હોય તેવુ શકય નથી. ''

તેમજ, સદર ચુકાદાના પેરા–૨૨ માં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, '' તેથી અમને એવુ જણાઈ આવે છે કે, અમોલસીંગ (પીડબલ્યૂ–૬) નો પુરાવો '' સંપૂર્ણ અવિશ્વીસનીય'' સાક્ષીની શ્રેણીમાં આવે છે, પરીણામે માત્ર તેની જુબાનીનાં આધારે આરોપીને દોષીત ઠરાવી શકાય તેમ નથી. નામ. હાઈકોર્ટ દવારા મેડીકલ પુરાવા ઉપરથી લેવામાં આવેલ કોરોબોરેશન યોગ્ય ન હતું તેમ નામ.સુપ્રીમ કોર્ટે માનેલ છે. મેડીકલ પુરાવો માત્ર એટલું જ દર્શાવે છે કે મૃત્યુ હોમીસાઈડલ હતું, પંરતુ તે અમોલસીંગ (પીડબલ્યુ

નં.૬) એ ઘટના નજરે જોઈ હોવાનું સાબીત કરવા માટે કોરોબોરેશન તરીકે ઉપયોગમાં લઈ શકાય તેમ નથી.''

તેમજ, સદર ચુકાદાના પેરા–૨૩ માં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, '' રીસ્પોન્ડન્ટ/સરકાર તરફે માનનીય સરકારી વકીલશ્રી દવારા કરવામાં આવેલ દલીલ મુજબ ફરીયાદપક્ષ તરફે મોટીવ સાબીત કરેલ છે, તે બાબતે સુસ્થાપિત સિધ્ધાંત એવો છે કે, માત્ર મોટીવ સાબીત થવાથી જ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.''

તેમજ, સદર ચુકાદાના પેરા–૨૪ માં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, '' ઉપરોકત સંજોગોમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત સાબીત કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને તેથી આરોપીઓને શંકાનો લાભ આપવો યોગ્ય જણાય છે. ''

આરોપી તરફે રજુ થયેલ સદર ચુકાદામાં એકમાત્ર નજરે જોનાર સાહેદ આમોલસિંગ (પીડબલ્યુ–૬) નો પુરાવો નામ. સુપ્રીમ કોર્ટે '' સંપૂર્ણ અવિશ્વીસનીય'' (Wholly Unreliable) ગણીને વિ.ટ્રાયલ કોર્ટે તથા નામ.હાઈકોર્ટે સદર સાહેદનો ચુકાદો મેડીકલ પુરાવા સાથે ગ્રાહ્ય રાખેલ હોય જે નહીં માની નામ. સુપ્રીમ કોર્ટે આરોપીની અપીલ મંજુર કરી સાહેદને નજરે જોનાર સાહેદ માનેલ નહીં. જયારે હાથ ઉપરના કેસમાં ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ચારેય નજરે જોનાર સાહેદોએ આરોપી નં.૨ બચુ કારા દેવીપુજક વિરુધ્ધ સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે તેમજ ચારેય સાહેદો નજરે જોનાર છે તથા ચારેય સાહેદોનો પુરાવો નજીવા વિરોધાભાસ બાદ કરતા માનવાલાયક છે ત્યારે સદર ચુકાદાનો લાભ આરોપીપક્ષને મળવાપાત્ર નથી.

(૨૩.૩) એ.આઈ.આર. ૨૦૧૪ એસસી (સુપ્રીમ કોર્ટ) ૧૧૧૬, અનીલ સ/ઓફ શામરાવ સુતે વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર.

સદર ચુકાદામાં નામદાર સુ.કો. એ ઠરાવેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ ના ગુનામાં વિ.ટ્રાયલ કોર્ટે તમામ આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ ના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકેલ હતા. જયારે આરોપી નં.૧ તથા ર ને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા ૩૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવેલ હતા. તે સબંધે થયેલ અપીલમાં નામ. હાઈકોર્ટે વિ.સેશન્સ જજનો ચુકાદો કન્ફર્મ રાખેલ જેની થયેલ સદર અપીલમાં નજરે જોનાર સાહેદોના પુરાવામાં વિસંગતતા હોય, કેટલાક સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયેલા હોઈ, નામ. સુપ્રીમ કોર્ટે નોંધેલ કે તકસીરવાન ઠરાવવા માટે સ્પષ્ટ અને નિર્વિવાદ પુરાવો આવશ્યક છે, જે ન હોય આરોપીને શંકાનો લાભ આપવામાં આવેલ હતો.

હાથ ઉપરના કેસમાં પણ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ મુજબના ગુનામાં આરોપીઓ વિરુધ્ધ ગેરકાયદેસર મંડળી બનાવી એકસમાન ઈરાદા સાથે હુલ્લડ કરી મરણજનાર શ્રવણ દેવીપુજકનું મૃત્યુ નીપજાવેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે, પરંતુ આરોપી નં.ર સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબનો પુરાવો વિસંગતતા રહિત તથા તમામ

ચારેય સાહેદોની સોગંદ ઉપરની જુબાની ઉપરથી માનવાલાયક હોય, સદર ચુકાદાનો લાભ આરોપીપક્ષને મળવાપાત્ર નથી.

આ તબકકે તાજેતરમાં નામ. ગુજરાત હાઈકોર્ટે કનુભાઈ રામાભાઈ મોરી વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૨૫ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચસી–૨૫૧૫૯૭ ના ચુકાદામાં પેરા–૨૧ માં ઠરાવેલ છે કે, '' ગેરકાયદેસર મંડળીના મુદાની ચર્ચા કરેલ છે. કલમ–૧૪૧ મુજબ પ્રોસીકયુશને સાબીત કરવાનું રહે કે (૧) પાંચ કે તેની વધુ વ્યકિતઓની મંડળી હતી, (૨) તે સભાનો એક સામાન્ય હેતુ (કોમન ઓબ્જેકટ) હતો, અને (૩) તે સામાન્ય હેતુ કલમમાં નિર્દિષ્ટ ગેરકાયદેસર હેતુમાંથી એક અથવા વધુમાં આવતો હતો. કલમ–૧૪૭ માં ગેરકાયદેસર મંડળીના સભ્યો અંગે સજાની જોગવાઈ કરવામાં આવેલી છે. જયારે કલમ–૧૪૮ માં હુલ્લડ માટેની સજા અંગે છે અને કલમ–૧૪૯ મુજબ જો કોઈ વ્યકિત ગુનો કરતી વખતે ગેરકાયદેસર મંડળીનો સભ્ય હોય, તો તે ગુનામાં દોષીત ગણાય છે. હાથ ઉપરના કેસમાં કુલ–૯ આરોપીઓમાંથી આરોપી નં.ર અને ૯ ને તમામ આરોપમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે અને તેમની સંડોવણી ટ્રાયલ કોર્ટ દવારા માન્ય રાખવામાં આવેલ નથી. રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કર્યા બાદ એવા નિષ્કર્ષ ઉપર પહોંચેલ છે કે, સાહેદ નં.૧૮ તથા સાહેદ નં.૩ ના પુરાવાના આધારે આરોપી નં.ર,૩,૭ અને આરોપી નં.૮ ની સંડોવણી સાબીત થતી નથી. આવા પરિસ્થિતિમાં આરોપી નં.૧,૫ અને ૬ ના કૃત્યને ઘ્યાને લેતા, તેમણે મૃત્યુ પામનારને જીવલેણ ઈજા પહોંચાડેલ હતી તે પુરવાર

થયેલ છે કે તેમણે સમાન ઈરાદાથી આ કૃત્ય કરેલ હતું. મરણજનાર આરોપી નં.૬ ની દીકરી સાથે સહાનુભુતી ધરાવતો હતો જે કુટુંબ સબંધિત મુદો હતો અને આરોપી નં.૧ તથા આરોપી નં.૫ અને આરોપી નં.૬ નાઓ સગા ભાઈ તરીકે મૃત્યુ પામનારને પાઠ ભણાવવાનો સામાન્ય ઈરાદો ધરાવતા હતા અને તે હેતુસર તેને અપહરણ કરવામાં આવ્યું અને તેના પરિણામે તેનું મૃત્યુ થયું. જયાં આરોપીઓની સંખ્યા પાંચથી ઓછી હોય અને ગુનો તેમના સામુહીક ઈરાદા હેઠળ કરવામાં આવ્યો હોય ત્યાં કલમ–૧૪૯ હેઠળનો આરોપ કલમ–૩૪ માં રૂપાંતરીત થઈ શકે છે. હાલના કેસમાં પ્રોસીકયુશન દવારા તેમનો સામાન્ય ઈરાદો સાબીત થયો છે.''

હાથ ઉપરના કેસમાં પણ ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સાથે વાંચતા કલમ–૧૪૧,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ અન્વયે સમાન ઈરાદો ધરાવી ગેરકાયદેસર મંડળી રચી મરણજનાર ઉપર આરોપીઓએ હુમલો કરેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી, પરંતુ આરોપી નં.૨ નાઓએ મરણજનારને જીવલેણ ઈજાઓ પહોંચાડેલ હોવાનું નજરે જોનાર ચાર સાહેદોના પુરાવા ઉપરથી ફલીત થતું હોઈ જે નહીં માનવા કોઈ કારણ નથી અને જેથી સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત હાથ ઉપરના કેસમાં લાગુ પડે છે તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

(૨૪) **આરોપીઓનો બચાવ:–**

હવે સદર કામે આરોપીઓ તર્ફે સદર કેસમાં લેવામાં આવેલ મુખ્ય બચાવ ધ્યાને લઈએ તો આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી ડી.જે.જોબનપુત્રા નાઓએ નીચે મુજબના બચાવ લીધેલ છે.

– ફરિયાદપક્ષ તર્ફે તપાસવામાં આવેલ સાહેદો બનાવમાં મહત્વના વિરોધાભાષ જણાય છે.

– ફરિયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૨૪.૧) આરોપી તર્ફેના વિ.વ.શ્રીની રજૂઆત મુજબ સદર કામે તપાસવામાં આવેલ આ ચારેય બનાવ નજરે જોનાર સાહેદોની જુબાનીમાં મહત્વનો વિરોધાભાષ જણાઈ આવે છે તથા ત.ક.અ.શ્રીની સોગંદ ઉપરની જુબાનીમાં સદર સાહેદોની જુબાનીમાં આવેલ વિરોધાભાષ પુરવાર કરેલો છે, અને તે વિરોધાભાષ ફરિયાદપક્ષના કેસને ફેટલ કરે છે.

આરોપી તર્ફેના વિ.વ.શ્રીની આ દલીલો સાથે હું સહમત થતો નથી. કારણ કે, ફરિયાદીએ આંક–પપ ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ વખતે આરોપી બચુ તથા નટીયાએ મરણજનારને માથામાં પાઈપ મારેલી તેમજ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ સાહેદ નં.૧૩ નાઓએ બચુએ ધોકા જેવું કાંઈક સાહેદના પિતાને મારેલું. તે જ રીતે સાહેદ નં.૧૪ ભુલીબેન નાઓએ આરોપી બચુએ તેમના દીયરના માથામાં પાઈપ મારેલી તથા સાહેદ નં.૨૨ સુરજભાઈએ નાઓએ આરોપી બચુના હાથમાં કોષ હતી અને તેના વડે શ્રવણભાઈને માથાના પાછળના

ભાગે મારેલાનું જણાવેલ છે. આમ, ચારેય સાહેદોએ બનાવ વખતે આરોપી બચુની હાજરી સબંધે સ્પષ્ટ પુરાવો પુરો પાડેલો છે. હથીયાર સબંધે સામાન્ય વિરોધાભાસ ફરીયાદપક્ષના સમગ્ર કેસને ફેટલ કરતો નથી. વધુમાં આરોપી નં.૨ બચુ કારા દેવીપુજકની હાજરી આંક-૪૮ ના ઓળખ પરેડના પંચનામા ઉપરથી તથા નાયબ મામલતદારશ્રી સતીષભાઈ હરીભાઈ અભાણીની આંક-૧૩૧ ની સોગંદ ઉપરની જુબાની ઉપરથી તથા આંક-૧૭૧ ના એફ.એસ.એલ. અભિપ્રાય ઉપરથી પ્રસ્થાપિત થયેલ છે, જે નહીં માનવા કોઈ કારણ નથી.

(૨૪.૨) આ તબકકે નામ. સુપ્રીમ કોર્ટના ભરવાડ ભાવીનભાઈ હીરજીભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૮૩ – ૩ (એસસીસી) પાના નં. ૨૧૭ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

(૧) સામાન્ય રીતે સાક્ષી પાસે ફોટો ગ્રાફીક મેમરીનું કે ઘટનાની શબ્દ સહ વિગતો યાદ રાખવાની અપેક્ષા રાખી શકાય નહી. એવું નથી કે, કોઈ વીડીયો માનસીક સ્ક્રીન ઉપર રીપ્લે કરવામાં આવે .

(૨) સામાન્ય રીતે એવું બને કે, સાક્ષી ઘટનાઓથી આગળ નીકળી જાય છે, ઘણીવાર બનેલ ઘટનામાં આશ્ચર્યનું તત્વ રહેલું હોય, સાક્ષી તેવી ઘટનાની અપેક્ષા કરી શકતો નથી, તેમજ માનસીક રીતે તેવી વિગતો શોધવાની અપેક્ષા રાખતો નથી.

(૩) વ્યકિતએ વ્યકિતએ અવલોકનની શકિતઓ અલગ અલગ હોય છે. એક વ્યકિત શું નોધે છે, તે અન્ય વ્યકિત ન પણ નોંધેં. કોઈ એક વ્યકિતના મગજમાં કોઈ એક વસ્તુ છાપ છોડી જાય ત્યારે તેની ઉપર બીજાનું ધ્યાન પણ ન જાય.

(૪) મોટા ભાગે લોકો વાતચીતને ચોકકસ રીતે યાદ કરી શકતા નથી. તેમના દ્રારા ઉપયોગમાં લેવાયેલા અથવા તેમના દ્રારા સાંભળેલા શબ્દોનું પુન: ઉત્પાદન કરી શકતા નથી. તેઓ માત્ર વાતચીતના મુખ્ય હેતુને યાદ કરી શકે છે. સાક્ષી પાસે માનવીય ટેપ રેકોર્ડર હોવાની અપેક્ષા રાખવી અવાસ્તવિક છે.

(૫) ઘટનાના ચોકકસ સમયગાળાના સંદર્ભમાં સામાન્ય રીતે લોકો પુછ પરછના સમયે અનુમાન લગાવીને અંદાજો બનાવે છે અને આવી બાબતોમાં લોકો ખુબ જ ચોકકસ અથવા ભરોષાપાત્ર અંદાજો લગાવી શકે તેવી અપેક્ષા રાખી શકાતી નથી. ફરીથી તે વ્યકિતઓની સમય– સંવેદના ઉપર આધાર રાખે છે. જે વ્યકિતએ વ્યકિતએ બદલાય છે.

(૬) સામાન્ય રીતે કોઈ સાક્ષી પાસેથી એવી અપેક્ષા રાખી શકાતી નથી કે, ઘટનાનાઓનો ક્રમ જે ઝડપથી અને ટુંકા ગાળામાં બનેલી હોય, તે ચોકકસ રીતે યાદ કરે. સાક્ષીની જયારે પુછ પરછ કરવામાં આવે ત્યારે તે, મુંઝવણમાં અથવા મિશ્રીત અત્યાઘાતો આપે છે.

(૭) સાક્ષી, સંપુર્ણ સાચો હોવા છતા, તે કોર્ટનું વાતાવરણ વકીલ દ્રારા કરવામાં આવેલી વેધક ઉ.ત. થી પ્રભાવીત થઈ શકે છે અને નર્વસનેશમાં મુંઝવણમાં મુકાય છે. ''

આમ, નામ.સુપ્રીમ કોર્ટના ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ અવલોકનો ઘ્યાને લેતા સાક્ષીની ફોટો ગ્રાફીક મેમરીની અપેક્ષા કોર્ટમાં રાખી શકાય નહી, તેમજ જે ઘટના બનેલી છે, તેનો શબ્દ સહ ચિતાર સાક્ષી આપશે તેવી પણ આશા રાખી શકાય નહી. કોઈ પણ

બનાવ યાદ રાખવાની દરેક વ્યકિતની જુદી જુદી કેપેસીટી હોય છે, અને વ્યકિતએ વ્યકિતએ તે બદલાય છે.

(૨૪.૩) વધુમાં નામ. સુપ્રીમ કોર્ટના નામદેવ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૨૦૦૭ ૧૪ (એસસીસી) પાના નં. ૧૫૦ ના ચુકાદામાં નામ.સુપ્રીમ કોર્ટે સાક્ષીઓની સંખ્યા તથા પુરાવાઓની ગુણવતા બાબતે ઠરાવેલ છે કે, ''કોઈ પણ હકીકતને સાબિત કરવા માટે તે પુરાવાની ગુણવતા ઘ્યાને રાખવી જોઈએ નહી કે, માત્રા. કાનુની પ્રણાલીમાં સાક્ષીઓની સંખ્યા ખુબ વધુ હોય કે ઓછી હોય, તે ઘ્યાને લેવાનું નથી. પરંતુ પુરાવાઓનું મુલ્ય ગુણવતા ઉપર ભાર મુકવામાં આવે છે. આથી, કોઈ પણ એક સાક્ષીની જુબાની પણ સંપુર્ણ અને આધાર રાખવા પાત્ર હોય તો, તેની ઉપર આધાર રાખી શકાય. તેનાથી વિપરીત જો પુરાવાનો જથ્થો અને સાક્ષીઓાની સંખ્યા વિશાળ હોય પરંતુ વિશ્વાસપાત્ર અને માનવા લાયક ન હોય તો, આરોપીઓને નિર્દોશ ઠરાવી શકાય. આમ, સદર ચુકાદામાં ઠરાવેલ સિઘ્ધાંત મુજબ અત્રેના કેસમાં પણ ફરીયાદપક્ષ તરફેના ચારેય નજરે જોનાર સાહેદોનો પુરાવો માનવા લાયક અને વિશ્વાસપાત્ર જણાઈ આવતો હોય, તેની ઉપર આધાર રાખવો ન્યાયોચીત માનું છું.

નામ.સુપ્રીમ કોર્ટે આવું જ અવલોકન યાકુબ ઈસ્માઈલ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૦૪) ૧૨ એસસીસી પાના નં. ૨૨૯ ના પેરા ૪૦ માં ઠરાવેલ છે કે, '' સિંગલ સાક્ષીની જુબાની માનવી કે નહી તે બાબતે નામ.સુપ્રીમ કોર્ટે અસંખ્ય ચુકાદાઓમાં ઠરાવેલ છે. કારણ કે, નામ. સુપ્રીમ કોર્ટે હમેંશા એવું યાદ અપાવ્યું છે કે, કોઈ પણ

આરોપીને દોષીત ઠેરવવા માટે એવા પ્રકારની હોવી જોઈએ કે જે, કોર્ટને તે પુરાવો માનવા માટે વિશ્વાસ અને પ્રેરણા આપે. આવા પુરાવાઓનું મુલ્યાંકન કરતી વખતે કોર્ટે સામાન્ય રીતે સાવચેતી રાખવાની હોય છે. જો, એક માત્ર સાહેદનો પુરાવો વિશ્વાસપાત્ર અને માનવા લાયક હોય તો તેના ઉપર આધાર રાખી શકાય.

(૨૪.૪) આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા તથા રેકર્ડ ઉપરનો પુરાવાનું મુલ્યાંકન કરતા સદર કામે ફરીયાદ પક્ષ માનવા લાયક આધારભુત પુરાવાઓને આધારે શંકા રહીત આરોપી નં.ર વિરુઘ્ધ પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, આ કામના આરોપી નં.ર બચુ કારા દેવીપુજક નાઓએ આ કામના ફરીયાદીબેનના જેઠ રાજુ દેવીપુજકે આરોપીઓને ફરીયાદીબેનના વાસણો તથા ટી.વી. વેચી નાખેલ હોય, જે પરત લેવા ફરીયાદી તથા તેના પતિ જતા આરોપીઓએ ફરીયાદીના વાસણો તથા ટી.વી. પરત નહીં આપી અને ત્યારબાદ આરોપીઓએ તા.૧૩–૫–૧૬ ના રોજ કલાક ૨૦.૦૦ વાગ્યા દરમ્યાન લોખંડના પાઈપ તથા લોખંડના કોશ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, ફરીયાદીના રહેણાંક ઝુપડા ઉપર હુલ્લડ કરીને ફરીયાદીના પતિ શ્રવણને માથામાં મરણતોલ પાઈપ તથા લોખંડની કોશથી ઘા મારી તેનું મૃત્યુ નિપજે તેવી ઘાતક ઈજા કરી તેનું મૃત્યુ નીપજાવી, ખુન કરી, ભારતીય દંડ સંહીતાની કલમ– ૩૦ર મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનો ઉપરોકત પુરાવાઓથી પુરવાર થતું હોય તેમજ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, હુલ્લડ કરી, હથીયાર ધારણ કરી, એકસંપ થઈ, મરણજનાર શ્રવણભાઈ

દેવીપુજક નાઓને મારી નાખવાના ઈરાદા સાથે ગેરકાયદેસર મંડળી રચેલાનું પુરવાર થતું ન હોય તેમજ આરોપી નં.૧ નાઓ વિરુધ્ધ ફરીયાદપક્ષ તરફેથી સદર ગુનાના કામે કોઈ મદદગારી કરેલ હોય તેવો પુરાવો કે મરણજનાર શ્રવણભાઈ દેવીપુજક ઈજા પહોંચાડેલી હોય કે ઈજા પહોંચાડવામાં મદદગારી કરેલી હોય તેવો પુરાવો કે ગેરકાયદેસર મંડળીના સભ્ય હોય તેવો કોઈ પુરાવો રજુ થયેલ ન હોય, મુદા નં.(૩) નો જવાબ અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે.

(૨૫) **<u>મુદા નં.૪:–</u>**

ફરીયાદપક્ષ તરફે આરોપીઓ ઉપર એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે બનાવ વખતે આરોપીઓએ લોખંડનો પાઈપ તથા કોષ ધારણ કરી મે.જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ–ભુજના હથીયારબંધીના જાહેરનામાનો અમલ હોવા છતા જાહેરનામાનો ભંગ કરી જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે તે અન્વયે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મેડીકલ ઓફીસરશ્રી અરવિંદકુમાર સુરેન્દ્રકુમાર સિન્હા નાઓએ પોતાની આંક–૧૧૫ તથા ચારેય નજરે જોનાર સાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ વખતે આરોપીઓએ લોખંડનો પાઈપ તથા કોષ ધારણ કરેલ હોવાની હકીકતને સમર્થન પુરુ પાડેલું છે. તેમજ આંક–૩૭ ના પંચ સાહેદ હાજી ઓસમાણ કોરેજા નાઓએ આંક–૩૮ ના ડીસ્કવરી પંચનામાને સમર્થન પુરુ પાડેલ નથી અને તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલા છે. ફરીયાદપક્ષ તરફે આંક–૧૧૩ થી મામલતદાર કચેરીના સાહેદ પ્રવિણાબેન ફલજીભાઈ ચૌધરીની સોગંદ ઉપર જુબાની થયેલી છે. જેઓ મામલતદાર

કચેરી ખાતે કારકુન તરીકે ફરજ બજાવે છે તેઓએ આંક–૧૧૪ થી તા.૨–૫–૧૬ થી તા.૩૧–૫–૧૬ સુધી અધિક જીલ્લા મેજી.શ્રી, ભુજ–કચ્છનું હથીયારબંધીનું જાહેરનામું રજુ કરેલ છે. પરંતુ તેઓએ ઉલટતપાસમાં સ્વીકાર્યા મુજબ કોઈપણ જાહેરનામું પ્રસિધ્ધ થયા પછી તે જાહેર દસ્તાવેજ ગણાય. દરેક જાહેરનામું લોકલ ન્યુઝપેપરમાં પ્રસિધ્ધ થવું જોઈએ. તેમજ તેમણે સ્વીકારેલ છે કે, આ જાહેરનામું લોકલ ન્યુઝપેપરમાં કઈ તારીખે પ્રસિધ્ધ થયેલ છે તેની તેમને જાણ નથી. આંક–૧૧૪ વાળા જાહેરનામામાં તેમની રુબરુ સહી થયેલ હોય તેવું બનેલ નથી. તેમજ તેમણે સ્વીકારેલ છે કે, આ જાહેરનામું કેટલા જાહેર સ્થળોએ લગાવવામાં આવેલું તેની તેમને માહીતી નથી. તેમજ તેમણે સ્વીકારેલ છે કે, સદર જાહેરનામું દાંડી પીટીને બજાવવામાં આવેલ નથી. આમ, પંચ સાહેદોએ તથા સાહેદની સોગંદ ઉપરની જુબાની પરથી બનાવ વખતે આરોપીઓએ લોખંડનો પાઈપ તથા કોષ ધારણ કરેલ હોવાની હકીકત ફલીત થાય છે પરંતુ જાહેરનામાની પ્રસિધ્ધિ સબંધે રેકર્ડ ઉપર પુરાવો ઉપલબ્ધ ન હોય આથી, ઉપરોકત ચર્ચા કરી તે અનુસાર ફરીયાદપક્ષ જયારે હથીયારબંધીનું જાહેરનામું પુરવાર કરી શકતું ન હોય આ સંજોગોમાં મુદ્દા નં.૪ નો જવાબ પણ ''નકારમાં '' ઠરાવી, મુદા નં.૩ નો જવાબ અંશત:હકારમાં ઠરાવેલ હોય, આરોપી નં.૨ નાઓને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨ સાથે વાંચતા ૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાાન ઠરાવું છું તથા સજા બાબતે સાંભળવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૨૦મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા. ૨૦–૦૪–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડિશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)

(૨૬) સરકાર તર્ફે વિ.વ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલો કરતા જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ તર્ફે આરોપીઓ સામેનું તહોમત નિશંકપણે પુરવાર થયેલ છે. તેમજ બનાવ વખતે મરણજનારને બે વર્ષનું બાળક હતું અને તેના મોટાભાઈ સુરજના બે બાળકો ખોળે બેસાડેલ હતા. આ ત્રણેય બાળકોએ પોતાના બાપનો સહારો ગુમાવ્યો છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ માં મહતમ સજાની જોગવાઈ આજીવન કેદ છે. જેથી, કાયદામાં જણાવ્યાં મુજબની મહતમ સજા ફરમાવવા અરજ ગુજારેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદી બાઈ તથા ત્રણેય બાળકો નિ:સહાય થઈ ગયેલા હોઈ, વળતર ચુકવવા અરજ ગુજારેલ છે.

(૨૬.૧) સદર કામે સજા બાબતે સાંભળવા માટે રાખતા આરોપી નં.૨ તરફે વિ.વ.શ્રી એસ.ઓ.ચૌધરી નાઓએ રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપી નાની ઉમંરના છે, કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. લાંબો સમય જેલમાં રહેતો જીવન બરબાદ થઈ જાય તેમ છે.

તેમજ કુટુંબનો આધાર તેઓની ઉપર છે તથા નાના બાળકોની તથા પત્નીની જવાબદારી છે. આથી, ઓછામાં ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

(૨૬.૨) ઉપરોકત બંને પક્ષનાં વિ.વ.શ્રીની રજુઆતોને ઘ્યાને લેતા પહેલા તેમજ સજા કરતા પહેલા ગુન્હાની ગંભીરતા અને ગુન્હાનું પ્રમાણ તેમજ અન્ય તમામ પાસાંઓ ઘ્યાનમાં લેવાના માર્ગદર્શક સિઘ્ઘાંતોને ઘ્યાને લેતાં આ કામના આરોપી નં.ર સામે ઈ.પી.કો. કલમ ૩૦૨ મુજબના ગુન્હો આ કોર્ટે પુરવાર માનેલો છે. ઈ.પી.કો. કલમ – ૩૦૨ ની જોગવાઈ જોતાં કોઈપણ વ્યકિત ખુન કરે તેને દેહાંતદંડની અથવા આજીવન કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર થશે. ખુન અંગેના આવશ્યક તત્વો જોઈએ તો, સાપરાધ મનુષ્યવધ થવા પામ્યો હોય, આરોપીઓએ કોઈ કૃત્ય અથવા કાર્યલોપ કરેલ હોય અને જે કારણે ભોગબનનારનું મુત્યુ નિપજયુ હોય, અને મુત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ હોય અથવા, આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચી છે તેનું મુત્યુ નિપજવાનો સંભવ છે તથા એવી શારીરીક હાની પહોચાડવાનાં ઈરાદાથી કર્યુ હોય અથવા, જે ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં મુત્યુ નિપજાવવા માટે પુરતી હોય અથવા, કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે કૃત્ય તાત્કાલીક એવુ ભયજનક છે કે, તમામ શકયતાઓ વચ્ચે મુત્યુ જ નિપજે અથવા તેવી શારીરીક ઈજાનાં કારણે મુત્યુ નિપજવાની સંભાવના હોય તથા મુત્યુ નિપજાવવા કે ઉપર

મુજબની ઈજાઓ પહોંચાડવા માટેનું જોખમ લેવા માટેના કોઈજ કારણ વગર કૃત્ય કરવામાં આવ્યું હોય.

ઉપરોકત હકીકતની સાથે સાથે ઈ.પી.કો.કલમ– ૩૦૦ માં ખુનની જે વ્યાખ્યા કરેલી છે તે જોતા હવે પછી અત્રે દર્શાવેલ અપવાદનાં કિસ્સા સિવાય સાપરાધ મનુષ્યવધ એ ગુન્હો છે જો,

૧. જેથી મુત્યુ નિપજયુ હોય તે કુત્ય મુત્યુ નિપજાવવાનાં ઈરાદાથી કર્યુ હોય.

૨. ગુન્હેગારને એવુ જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચી છે તેનું મુત્યુ  નિપજવાનો સંભવ છે, અને તેવી શારીરીક હાની પહોંચાડવાના ઈરાદાથી કર્યુ હોય.

૩. આવી ઈજા કુદરતનાં સામાન્ય ક્રમમાં મુત્યુ નિપજાવવા માટે પુરતી હોય, તેમજ કૃત્ય કરનાર વ્યકિતને તે અંગેનુ જ્ઞાન હોય અને તે ઈરાદા સાથે તેણે આ કૃત્ય કરેલુ હોય તો ત્યારે તેને ઈ.પી.કો.કલમ – ૩૦૦ ની વ્યાખ્યા મુજબ ખુન માટે દોષિત ઠરાવી શકાય. અને ખુનના ગુન્હાની અંદર મોતની અથવા તો આજીવન કેદની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે.

આરોપીઓ તર્ફે સમગ્ર કેસનાં સજા બાબતે સાંભળ્યા ત્યારે પણ એવો કોઈ બચાવ લેવામાં આવેલો નથી કે, આરોપીનું કૃત્ય એ કલમમાં દર્શાવેલ અપવાદમાં અથવા તો ઈ.પી.કો. કલમ – ૭૬ થી ૧૦૬ સુધીનાં સામાન્ય અપવાદમાં આવી જતું હોય, અને તે સંજોગોમાં જયારે આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ– ૩૦૦ ની જોગવાઈ મુજબ ખુન કર્યાનો આક્ષેપિત ગુન્હો ફરીયાદ પક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ હોય ત્યારે આરોપીઓને ઈ.પી.કો.

કલમ– ૩૦૨ મુજબ સજા કરી શકાય, અને ઉપર ચર્ચા કરી તે મુજબ ઈ.પી.કો. કલમ – ૩૦૨ માં મોતની કે આજીવન કેદની સજા કરી શકાય તેમ છે.

જયાં સુધી મોતની સજાનો સવાલ છે તે જોવામાં આવે તો મોતની સજા કરતાં પહેલા કોર્ટે ખુબજ સાવધાની પુર્વક આગળ વધવાનું છે. ભારતની તમામ પરીસ્થિતી તેમજ ભારતીય લોકાલીટીને નજરમાં રાખતાં વિશ્વનાં અન્ય દેશોએ જયારે દેહાંતદંડની સજા રદ કરેલી હોય, પરંતુ આપણા દેશમાં આ સજા રદ કરવામાં આવેલી નથી, પરંતુ તેની ઉપર કેટલીક મર્યાદા મુકવામાં આવેલી છે. નામ.સર્વોચ્ચ અદાલતે– જગમોહનસિંહ વિ. ઉતર પ્રદેશ રાજય, એ.આઈ.આર.– ૧૯૭૩(સુ.કો.), પાના નં.૯૪૭ તથા બચ્ચનસિંઘ વિ. પંજાબ રાજય, એ.આઈ.આર.– ૧૯૮૦(સુ.કો.), પાના નં. ૮૯૮– નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે, દેહાંતદંડની સજા ત્યારે જ કરી શકાય કે જયારે રાજય તથા સમાજનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અદાલત પાસે આરોપીને દેહાંદંડની સજા કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નહોય. વળી, દેહાંતદંડની સજા અપવાદરૂપ નહીં પરંતુ અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં જ કરી શકાય તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

હાથ પરનાં કિસ્સામાં આરોપીની ઉંમર તેમજ જે પ્રકારે ગુન્હો આચરવામાં આવેલો છે તે તમામ હકીકતને નજરમાં લેતાં હાથ પરનાં કિસ્સો અપવાદમાં પણ અપવાદરૂપ કિસ્સામાં સમાવિષ્ટ થતો નથી, અને તેવા સંજોગોમાં

મજકુર ગુન્હાનાં કામે આરોપીને દેહાંતદંડની સજા ફરમાવવી મુનાસીબ જણાતું નથી, પરંતુ ઈ.પી.કો.કલમ–૩૦૨ ની જોગવાઈ ધ્યાને લેતાં આરોપી નં.૨ નાઓને આજીવન કેદની સજા ફરમાવી શકાય તેમ હોય, આરોપીને ઈ.પી.કો.કલમ–૩૦૨ નાં ગુન્હા સબબ આજીવન કેદની સજા ફરમાવવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. તે મુજબ મુદા નં. (૫) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી નં. ૧ લાભુ ભીખુભાઈ દેવીપુજક, મુળ ગામ. વરાણા, તા.સમી, જી.પાટણ. હાલે. મધુબન ટોકીઝની સામે ઝુપડા, ગાંધીધામ. નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સહિતાની કલમ–૩૦૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી નં.૨. બચુ કારાભાઈ દેવીપુજક, મુળ રહે. રાધનપુર દેવળીયાવાસ, જી.પાટણ. હાલ રહે. બ્રહમસમાજ સ્કુલ પાસે, જી.આઈ.ડી.સી. ઝુપડા, ગાંધીધામ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) અન્વયે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૦૨ મુજબનાં ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી **આજીવન** કેદની સજા તથા

રૂ. ૫,૦૦૦/- ( અંકે રૂપિયા પાંચ હજાર પુરા ) નો દંડ અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી નં.ર. બચુ કારાભાઈ દેવીપુજક, મુળ રહે. રાધનપુર દેવળીયાવાસ, જી.પાટણ.હાલ રહે. બ્રહમસમાજ સ્કુલ પાસે, જી.આઈ.ડી.સી. ઝુપડા, ગાંધીધામ નાઓને ભારતીય દંડ સહિતાની કલમ-૩૦૨ સાથે વાંચતા કલમ-૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી નં.ર. બચુ કારાભાઈ દેવીપુજકને ક્રિ.પ્રો. કો.કલમ- ૪૨૮ અન્વયે તેઓએ કાચા કામનાં કેદી તરીકે ભોગવેલ સજા મજરે આપવી.

(૫) આરોપી નં. ૧ લાભુ ભીખુભાઈ દેવીપુજક નાઓએ ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) ના જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ ૩૬૩ મુજબ સદર ચુકાદાની નકલ વિના મુલ્યે આપવી.

(૭) સદર કામે કબજે કરવામાં આવેલ બીનકિંમતી મુદામાલ અપીલ સમય બાદ અને જો અપીલ થાય તો તેના નીકાલ બાદ નાશ કરવો.

સદર હુકમની યાદી જેલરશ્રી, પાલારા જેલ નાઓને લેખીતમાં મોકલવી.

હુકમ આજ રોજ તા.૨૦મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૨૦–૦૪–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડિશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)